RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 337* Date: 04.10.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાને રોહતાંગમાં દુનિયાની સૌથી લાંબી હાઇ-વે અટલ ટનલનું ઉદ્ઘાટન કર્યું

# અટલ ટનલનું ૨૬ વર્ષનું કામ અમે ૬ વર્ષમાં પૂરું કરી બતાવ્યું: મોદી





### દેશની રક્ષાથી વધુ અમારા માટે કંઇ નથી, સૈનિકોની સુવિધા આપણી પ્રાથમિકતા છે, અટલજીનું સપનું સાકાર થયું, હિમાચલના લોકોની આતુરતાનો અંત, અટલજીની સરકારના ગયા બાદ આ ટનલનું કામ ભૂલાઈ

*રોહતાંગ,તા.૩*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ 'અટલ ટનલ' નું ઉદ્ઘાટન કર્યું છે. હવે આ ટનલ સામાન્ય લોકોની અવરજવર માટે ખૂલશે. આ પ્રસંગે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જય રામ ઠાકુર પણ હાજર રહ્યા હતા. આપને જણાવી દઈએ કે આ ટનલ સમુદ્ર સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ ઉપર છે, જે લેહને મનાલીથી જોડે છે. આ ટનલ ભારત અને ચીનની સરહદથી બહુ દૂર નથી, તેથી તે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન મોદીએ હિમાચલમાં વિતાવેલા દિવસોને યાદ કર્યા. મોદી અવારનવાર પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે અહીં આવતા હતા. મોદીએ કહ્યું, "આજે માત્ર અટલ જીનું જ સ્વપ્ન પૂરું થયું નથી પરંતુ આજે હિમાચલ પ્રદેશના કરોડો લોકોની દાયકાઓ જૂની પ્રતીક્ષા પૂરી થઈ ગઈ છે. આજે મને અટલ ટનલનું લોકાર્પણ કરવાની તક મળી તે મારું સૌભાગ્ય છે. પીએમ મોદીએ કહ્યું કે આ ટનલ મનાલી અને કેલોંગની વચ્ચેનું અંતર ૩ થી ૪ કલાક ઘટાડશે. પર્વતનાં મારા ભાઈ-બહેનો સમજી શકે છે કે પહાડ પર ૩-૪ કલાકનું અંતર ઘટવાનો મતલબ શું હોય છે.

પીએમ મોદીએ કહ્યું કે વાજપેયી સરકાર ગયા પછી આ પ્રોજેક્ટ ઠંડો પડી ગયો હતો. તેમણે કહ્યું, "અટલજીએ ૨૦૦૨માં આ ટનલ માટે એપ્રોચ રોડનો પાયો નાંખ્યો હતો. અટલ જીની સરકાર ગયા બાદ આ કામને પણ ભૂલી જવાયું હતું. સ્થિતિ એવી હતી કે ૨૦૧૩-૧૫ સુધીમાં આ ટનલનું માત્ર ૧૩૦૦ મીટરનું કામ થયું હતું. નિષ્ણાતો કહે છે કે ૨૦૧૪માં અટલ ટનલનું કામ જે ઝડપે કરવામાં આવી રહ્યું હતું તે જોતા આ ટનલનું કામ વર્ષ ૨૦૪૦ સુધીમાં પૂર્ણ થયું હોત. આજે તમારી જે ઉંમર છે તેમાં ૨૦ વર્ષ ઉમેરો ત્યારે છેક લોકોના જીવનમાં આ દિવસનું સપનું સાકાર થયું હોત.

મોદીએ કહ્યું કે પાછલી સરકારની અવગણના છતાં તેમની સરકારે ગતિ દેખાડી. તેમણે કહ્યું, "અટલ ટનલના કામમાં ૨૦૧૪ની સાલ પછી અભૂતપૂર્વ તેજી આવી હતી. પરિણામે જ્યાં દર વર્ષે અગાઉ ૩૦૦ મીટર ટનલ બની રહી હતી, તેની ગતિ વધીને ૧૪૦૦ મીટર વાર્ષિક થઈ ગઈ. માત્ર ૬ વર્ષમાં અમે ૨૬ વર્ષનું કામ પૂરું કરી લીધું.

પીએમ મોદીએ દૌલત બેગ ઓલ્ડી એરસ્ટ્રિપ બંધ થવા અંગે પણ સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું, "અટલ ટનલની જેમ, ઘણા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની સાથે આવો વ્યવહાર કરાયો. લદ્દાખમાં વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ એર સ્ટ્રીપ દોલત બેગ ઓલ્ડી ૪૦-૪૫ વર્ષથી બંધ રહી હતી. લાચારી શું હતી, શું દબાણ હતું, હું વિગતવાર જાણવા માંગતો નથી. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, અટલ જીની સાથે, એક બીજા પુલનું નામ પણ જોડાયેલું છે – કોસી મહાસેતુનું. અટલ જીએ બિહારમાં કોસી મહાસેતુનો શિલાન્યાસ પણ કર્યો હતો. ૨૦૧૪ માં સરકારમાં જોડાયા પછી અમે કોસી મહાસેતુનું કામ પણ ઝડપથી પૂરું કરાવ્યું. થોડા દિવસ પહેલા જ કોસી મહાસેતુનું પણ લોકાર્પણ કરાયું.

પીએમ મોદીએ કહ્યું, "સરહદના માળખાગત વિકાસ માટે સંપૂર્ણ તાકાત લગાવી દેવામાં આવી છે. રસ્તા બનાવાનું કામ હોય, પુલ બનાવાનું કામ હોય કે પછી ટનલ બનાવાનું કામ હોય, દેશમાં આટલા મોટા પાયે ક્યારેય કામ થયું નહોતું. સામાન્ય લોકોની સાથે આપણા સૈન્ય ભાઈ-બહેનોને પણ મોટો ફાયદો મળી રહ્યો છે.

તેમણે કહ્યું કે 'અમારી સરકારના નિર્ણયો સાક્ષી છે કે તેઓ જે બોલે છે તે કરીને બતાવે છે. આપણા માટે દેશ હિતથી મોટું દેશની રક્ષા સૌથી મોટું આપણા માટે બીજું કંઇ નથી. તેમણે કહ્યું, "આધુનિક શસ્ત્રો બનાવવા, દેશમાં જ ભારતના શસ્ત્રો બનાવવા માટે મોટા સુધારા કરવામાં આવ્યા છે. લાંબા સમયની રાહ જોયા બાદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ હવે આપણી સિસ્ટમનો હિસ્સો છે. દેશની સેનાઓની જરૂરિયાતો પ્રમાણે પ્રોક્યોરમેંટ અને પ્રોડકશન બંનેમાં શ્રેષ્ઠ સમન્વય સ્થાપિત થયો છે.

### મોદી સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કરી જણાવ્યું

# લોન મોરેટોરિયમ: બે કરોડ સુધીની લોન પર માફ થશે ચક્રવૃધ્ધિ વ્યાજ

**એમએસએમઈ લોન, શિક્ષણ, હાઉસીંગ, કન્ઝયુમર, ઓટો, ક્રેડીટ કાર્ડ, વ્યવસાય અને ઉપભોગ લોન પર લાગુ ચક્રવૃધ્ધિ વ્યાજને માફ કરવામાં આવશે**

*ન્યુ દિલ્હી,તા.૩*

કેન્દ્ર સરકારે લોન લેનાર વ્યક્તિ કે વેપારીને મોટી રાહત આપી છે. સરકારે સુપ્રીમ કોર્ટમાં એફીડેવિટ દાખલ કરી રહ્યું છે કે, તે મોરેટોરિયમ સમયગાળાના ૬ માસના વ્યાજ પર વ્યાજની માફી માટે તૈયાર છે. જો કે, આ વ્યાજ માફીનો લાભ ફક્ત ૨ કરોડ રૂપિયા સુધીની લોન પર મળશે. આ સિવા. જે લોકોએ માર્ચથી ઓગસ્ટ સુધીમાં બાકી રકમની ચૂકવણી કરી દીધી છે, તેમને પણ વ્યાજ પર વ્યાજ એટલે કે ચક્રવૃદ્ધિ વ્યાજથી છુટકારો મળી જશે.

નાણા મંત્રાલય તરફથી સુપ્રીમ કોર્ટમાં સોગંધનામું દાખલ કરવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, સ્જીસ્ઈ, એજ્યુકેશન, હોમ, કન્ઝ્યૂમર અને ઑટો લોન પર લાગૂ ચક્રવૃદ્ધી વ્યાજને માફ કરવામાં આવશે. આ ઉપરાંત ક્રેડિટ કાર્ડના બાકી પર પણ આ વ્યાજ વસૂલ નહીં કરવામાં આવે. સરકારે સોગંધનામામાં કહ્યું છે કે, મહામારીની સ્થિતિમાં વ્યાજની છૂટનું નુક્સાન સરકાર ભોગવશે. આમા માટે સંસદની મંજૂરી લેવામાં આવશે. આ એકમાત્ર સમાધાન છે.

નાણાં મંત્રાલયે સોગંદનામામાં જણાવ્યું છે કે જો મોરટોરીયમ સમયગાળા માટે તમામ પ્રકારની લોનનું વ્યાજ માફ કરવામાં આવે તો તેના પર છ લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે. તેનાથી બેંકોની કુલ સંપત્તિમાં મોટો ઘટાડો થશે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, જો કોઈ વ્યક્તિની લોન ૨ કરોડ રૂપિયાથી વધુ હોય તો તેને ચક્રવૃદ્ધિ વ્યાજ માફીનો લાભ નહીં મળે.

બેક્કર્સનું કહેવું છે કે, કેન્દ્રની યોજના અંતર્ગત વ્યાજ પરની માફીથી પાંચથી છ હજાર કરોડ રૂપિયાનો બોજ પડશે. જો તમામ કેટેગરીના લોન લેનારાઓને વ્યાજની લોન માફી આપવામાં આવે તો તેના પર ૧૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે. બેક્કર્સનું કહેવું છે કે કેન્દ્ર સરકાર તેના સોશિયલ વેલ્ફેર પગલાના ભાગ રૂપે આ વ્યાજ માફીની ભરપાઇ કરી શકે છે.

જો કે, નાણા મંત્રાલયના સોગંદનામામાં મોરેટોરિયમ સમયગાળા દરમિયાન ઈએમઆઈ કે ક્રેડિટ કાર્ડના ડ્યૂની ચૂકવણી કરનાર માટે કોઈ લાભ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

ઉલ્લેખનીય છે કે, કોરોના સંક્રમણના આર્થિક પ્રભાવને લીધે માર્ચમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ માર્ચમાં ત્રણ મહિના માટે મોરટોરિયમ (લોન ચુકવણીમાં વિલંબ)ની સુવિધા આપી હતી. તે શરૂઆતમાં ૧ માર્ચથી ૩૧ મે સુધી ત્રણ મહિના માટે લાગુ કરવામાં આવી હતી. બાદમાં આરબીઆઈએ તેને ત્રણ મહિના માટે વધારીને ૩૧ ઓગસ્ટ સુધી વધારી. એટલે કે, કુલ છ મહિનાની મુદતની સુવિધા આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટમાં ઘણા લોકોની મુદતની અવધિ અને વ્યાજ પરના માફીની અરજી પર સુનાવણી ચાલી રહી છે. ૨૮ સપ્ટેમ્બરના રોજ સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે વ્યાજ પરના વ્યાજ માફી અંગે નિર્ણય લેવા કોર્ટ પાસેથી સમય માંગ્યો હતો. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે તે તેના નિર્ણય અંગે બે-ત્રણ દિવસમાં એફિડેવિટ ફાઇલ કરશે. હવે આ મામલે ૫ ઓક્ટોબરને સોમવારે સુનાવણી થશે. તે જ દિવસે, કોર્ટ વ્યાજ પરના વ્યાજની માફી અંગે નિર્ણય આપી શકે છે.

# કોરોનાનો આતંક: દેશમાં કુલ મૃત્યુઆંક ૧ લાખને પાર,કુલ સંક્રમિતોનો આંકડો ૬૪.૭૩ લાખને પાર

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના વાયરસે માનવ જાત પર કરેલા વજ્રઘાતને પગલે છ મહિનાથી વધુ સયમમાં મૃત્યુઆંક એક લાખને પાર થઈ ગયો છે. કોરોના મહામારીમાં દેશમાં એક લાખ લોકોનો જીવદીપ બુઝાઈ ગયો છે જે અત્યંત દુઃખદ છે. આ સાથે જ વિત્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૯,૪૭૬ નવા પોઝિટિવ દર્દીઓનો ઉમેરો થતા કુલ કોરોના સંક્રમિતોનો આંક ૬૪,૭૩,૫૪૪ થયો છે. બીજીતરફ કોરોનાથી રિકવર થયેલા દર્દીઓનો આંકડો ૫૪ લાખને પાર જતા રિકવરી દર ૮૩.૮૪ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

તાજેતરના આંકડા મુજબ વિતેલા ૨૪ કલાકમાં વધુ ૧,૦૬૯ દર્દીઓના કોરોનાથી મોત થયા હતા જેને પગલે કુલ મૃત્યુ આંક ૧,૦૦,૮૪૨ થયો હતો. દેશમાં હાલમાં ૯,૪૪,૯૯૬ કોરોના સક્રિય કેસો છે જે કુલ કેસ લોડના ૧૪.૬૦ ટકા હોવાનું જણાય છે. કોવિડ ૧૯ને પગલે મૃત્યુનો દર ૧.૫૬ ટકા નોંધાયો છે.

દેશમાં ૭ ઓગસ્ટના ૨૦ લાખ કોરોના સંક્રમિતોનો આંકડો નોંધાયો હતો. ત્યારબાદ ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ કેસ ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ કેસ થઈ ગયા હતા. ૧૬ સપ્ટેમ્બરના દેશમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંક ૫૦ લાખને પાર થયો હતો અને ૨૯ સપ્ટેમ્બરના ૬૦ લાખથી વધુ દર્દીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડેટા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૭,૭૮,૫૦,૪૦૩ કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૨ ઓક્ટોબરના દેશમાં વધુ ૧૧,૩૨,૬૭૫ કોરોનાના ટેસ્ટિંગ હાથ ધરાયા હતા.

વિતેલા ૨૪ કલાકમાં કુલ ૧,૦૬૯ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા હતા. મહારાષ્ટ્રમાં ૪૨૪ લોકોના મોત થયા હતા. કર્ણાટકમાં ૧૨૫, તમિલનાડુમાં ૬૭, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૫૩-૫૩, પંજાબમાં ૫૦, દિલ્હીમાં ૩૭, મધ્ય પ્રદેશમાં ૩૬, આંધ્ર પ્રદેશમાં ૩૧ અને ગુજરાતમાં ૧૫ દર્દીઓના મોત નોંધાયા હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૪૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૪૧૩૯૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૦૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૨૧૨૧૯**

# સરકારની નીતિઓના વિરોધમાં ૨૬ નવેમ્બરે કામદારોની દેશવ્યાપી હડતાળ

*ન્યુ દિલ્હી,તા.૩*

સરકારની નીતિઓના વિરોધમાં ટ્રેડ યૂનિયનોએ દેશવ્યાપી હડતાળનું આહવાન કર્યું છે. દસ કેન્દ્રીય શ્રમિક સંગઠનો અને તેમના સહયોગી સંગઠનોની જાહેરાત અનુસાર હડતાળ પર જવાનો નિર્ણય બે ઓકટોબરના રોજ કામદારોના ઓનલાઈન રાષ્ટ્રીય સંમેલનમાં લેવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યો કે 'સંમેલનમાં તમામ કામદારોને, ભલે તે યૂનિયન સાથે જોડાયેલા હોય કે નહી, સંગઠિત ક્ષેત્ર અથવા પછી અસંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા હોય, સરકારની જન વિરોધી, કર્મચારી વિરોધી, ખેડૂત વિરોધી અને રાષ્ટ્રવિરોધી નીતિઓ વિરૂદ્ધ સંયુક્ત સંઘર્ષને તેજ કરવા ૨૬ નવેમ્બરના રોજ દેશવ્યાપી સામાન્ય હડતાળને સફળ બનાવવાનું આહવાન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય શ્રમિક સંગઠનો અને સ્વતંત્ર મહાસંઘો/સંઘો દ્વારા સંયુક્ત રૂપથી ઓનલાઇન આયોજિત કામદારોના રાષ્ટ્રીય સંમેલન મહામારી વચ્ચે પહેલીવાર યોજાયું છે. ટ્રેડ યૂનિયનોએ આરોપ લગાવ્યો કે જ્યાં તમામ સંકેત એ જણાવી રહ્યા છે કે માંગમાં ઘટાડાના કારણે અર્થવ્યવસ્થામાં ભારે ઘટાડો આવી રહ્યો છે, સરકાર બિઝનેસને સુગમતાના નામે પોતાની નીતિઓને આગળ વધારી રહી છે. તેનાથી નિર્ધનતા તથા સંકટ વધુ ગાઢ બની રહ્યું છે.સંમેલનમાં કામદારો સાથે સંયુક્તરૂપથી રાજય/જિલ્લા/ઉદ્યોગ/ક્ષેત્ર સ્તર પર જ્યાં પણ સંભવ હોય, ભૌતિક રૂપથી અન્યથા ઓનલાઇન સંમેલન ઓકટોબરના અંત સુધી આયોજિત કરવા માટે કહેવામાં આવ્યું છે. સાથે જ શ્રમ સંહિતાઓના કામદારો પર પડનાર દુષ્પ્રભાવ વિશે વ્યાપક અભિયાન નવેમ્બરના મધ્ય સુધી ચલાવવા માટે કહેવામાં આવ્યું છે. ત્યારબાદ ૨૬ નવેમ્બર ૨૦૨૦ના દિવસે હડતાળનું આહવાન કરવામાં આવ્યું છે.

# અમેરિકાના પેટ્રોલિંગ જહાજે અંદમાન-નિકોબાર દ્વિપથી ઈંધણ ભરી ચીનને સંદેશ આપ્યો

*ન્યુ દિલ્હી,તા.૩*

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદ વચ્ચે અમેરિકાએ પોતાના ઈરાદાઓ સ્પષ્ટ કરી દીધા છે. અમેરિકાના પેટ્રોલિંગ જહાંજે આંદમાન-નોકોબાર દ્વીપ સમુહથી ઈંધણ ભરી ચીનને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. ૨૫ સપ્ટેમ્બરે P-8 પોસાઈડન એરક્રાફ્ટે પોર્ટ બ્લેયરમાં ઉતરાણ કર્યું હતું. લોજિસ્ટિક્સ અને રિફ્યૂલિંગ સપોર્ટ માટે ઉતારવામાં આવેલુ આ વિમાન મિસાઈલો અને ઘાતકથી સજ્જ હતું. ભારત અને અમેરિકા વચ્ચે ૨૦૧૬માં થયેલી સમજુતી અંતર્ગત એક-બીજાના જંગી જહાજો પર રિફ્યૂલિંગ અને ઓપરેશનલ ટર્નઅરાઉંડ સુવિધાઓ પુરી પાડે છે. પરંતુ અમેરિકી સેનાનું કોઈ જહાજ ભારતના આંદમાન-નિકોબાર ટાપુ પર લેન્ડ થયું હોય એવું પહેલી જ વાર બન્યું છે. આ ઘટના એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે હિંદ મહાસાગર ક્ષેત્રમાં આંદમાનની નજીક જ ભારત અને ચીને તાજેતરમાં જ યુદ્ધાભ્યાસ કર્યો હતો. આ વિસ્તાર ચીનની સપ્લાઈ લાઈન માટે ખુબ જ મહત્વનો છે. લોજિસ્ટિક્સ એક્ચેંજ મેમોરેંડમ ઓફ એગ્રીમેંટ (LEMOA) અનુંસાર ભારતીય જંગી જહાજો અને એરક્રફ્ટ્સને જીબુટી, ડિએગો ગ્રેસિયા, ગુઆમ અને સ્યૂબિક બેના અમેરિકી બેઝ પર એક્સેસ મળે છે. જુલાઈમાં ચીનને એક રણનૈતિક સંકેતમાં ભારતના જંગી જહાંજોએ દક્ષિણ બંગાળની ખાડીમાં અમેરિકી કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ સાથે યુદ્ધાભ્યાસ કર્યો હતો. ભારતીય નેવીને બોઈંગ દ્વારા બનાવવામાં આવેલા P-8I (I-India) એરક્રાફ્ટ પોતાના બેડામાં શામેલ કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# વિવિધ રાજયોમાં યોજાનારી ચૂંટણીઓ કોરોના સામેની બીજી લહેર લઈ આવશે કે શું.....?

દેશમાં કોરોનાની મહામારી વચ્ચે અનલોક ૫ જાહેર કરવા સાથે લોકો માટે અનેક છૂટછાટો જાહેર કરવામા આવી છે. તો ચૂંટણી પંચે બિહાર રાજ્ય સાથે દેશના જે તે રાજ્યોમાં ખાલી પડેલ ૬૫ જેટલી બેઠકો માટેની પેટાચૂંટણી ની તેમજ લોકસભાની ૧ બેઠક માટે ચૂંટણીની જાહેરાત થયા બાદ બિહાર સહિત ૬૬ બેઠકો માટે યોજાનાર પેટા ચૂંટણી દરમિયાન જે તે પક્ષના પ્રદેશ નેતાઓને મળવા માટે જે પ્રકારે કોરોના નિયમોના ધજીયા ઉડાડતી મુલાકાત માટે ઉમેદવારો અને ટેકેદારો ઉમટી પડ્યા એજ રીતે પેટા બેઠકોમાં ઉમેદવારોએ પ્રચાર શરૂ કરી દીધો છે. જેમાં પણ ઉમેદવાર સહિત ટોળામા ઉમટેલા પ્રચારકોને કારણે કોરોના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે... જે ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે પરંતુ આમ પ્રજાને કોરોના નિયમ તોડવા બદલ દંડ વસુલનાર તંત્રને આ બાબત નજરમાં આવતી જ નથી.....! કે પછી કોરોના નિયમોનું પાલન આમ પ્રજા એ જ કરવાનું હોય...અને રાજકારણીઓ આ નિયમથી બાકાત હોય તેમ કોઈ એક્શન લેવામાં આવતા નથી.....!? જાણે કે રાજકારણીઓને કોરોના ફેલાવવાનો પરવાનો આપી દીધો હોય..... એટલે આવા નિયમો તોડનારા ઓ સામે કોઈ પણ પ્રકારના પગલા લેવામાં આવતા નથી. ચૂંટણી પંચ પણ કોરોના નિયમોનું પાલન કરવા મુકેલ શરતોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે તે તેમને કદાચ દેખાતું નહીં હોય કે પછી ઉપરથી મૌન રહેવાનો ઈશારો પણ હોઈ શકે.....! તેવી ચર્ચાઓ સાથે આમ પ્રજામાં સવાલ શરૂ થઈ ગયો છે કે અત્યારે આવેલ ચૂંટણીઓ કોરોના સામેની બીજી લડાઈ લઈ આવશે કે શું......!

બિહાર રાજ્યમાં ચૂંટણી જાહેર થયા બાદ જેડીયુ- ભાજપ-લોજપા અને મહા ગઠબંધન બંનેમાં સીટોની સમજૂતિ બાબતે ભારે મોટી ખેંચ તાણ ચાલી રહી છે.પરિણામે બંન્ને ગૂટમાથી કેટલાક પક્ષો કે કદાવર નેતાઓ અન્ય સાથે ગઠબંધન કરી લીધા છે તો ઉમેદવારો માટેની બેઠક સંખ્યા પણ જાહેર કરવાનું શરૂ કરી છે. ત્યારે જાગૃત,સમજદાર તથા શિક્ષિત લોકો સવાલી ચર્ચાઓ કરી રહ્યા છે કે દેશમાં નોટબંધી, જીએસટી, કોરોના મહામારી, જાહેર સાહસોનુ ખાનગીકરણ, ખેડૂત અને મજૂર વિરોધી કાયદા બાબતે વિપક્ષો કેમ એક નથી થઈ શકતા તે આ ચૂંટણીઓ આવતા જોવા-સમજવા મળી ગયું... ત્યારે લાગે છે કે એક માત્ર કોંગ્રેસજ પ્રજા સાથે રહી શકે છે.... બાકી મોટાભાગના વિપક્ષોને ખુરશી કે સત્તા સિવાય કશું દેખાતું નથી.....! ભાજપ- જેડીયુ- રોજના વચ્ચે પણ બેઠકો માટે ધમાસણ વધી જતા અમિત શાહને બિહાર દોડી જવું પડયું છે. જયારે ગઠબંધનમાંથી કોમ્યુનિસ્ટ પાર્ટીએ માગ્યા મુજબ બેઠકો ન મળતાં ચોકો અલગ કર્યો છે અને ૩૦ સીટો લડવાની જાહેરાત કરી દીધી છે. પૂર્વ સાંસદ લવલી આનંદે જેડીયુને મોટો ઝટકો આપ્યો છે અને આરજેડીમાં જોડાઈ ગયા છે. એ જ રીતે રાલોસપા ના રાષ્ટ્રીય અધ્યક્ષ કે જે કદાવર નેતા કહેવાય છે તે ભૂદેવ ચૌધરી પણ રાજપા માં જોડાઈ ગયા છે. જ્યારે લાલુપ્રસાદની નજીક ગણાતા ઈલીયાસના પુત્ર ફિરોઝ જેડીયુમા જોડાઈ ગયા છે..... મતલબ બિહારમાં જોડ તોડનુ રાજકારણમા જોર પકડ્યું છે. પરંતુ આ બધી બાબતો વચ્ચે ભાજપ અને જેડીયુને સ્થાનિક મુદ્દે ચૂંટણી લડવી પડશે તેવી સ્થિતિ બની ગઈ છે.... કારણ કે યુપીમાં યોગી સરકારમાં ઉપરા ઉપરી બનેલી સામુહીક દુષ્કર્મની ઘટનાઓએ દેશભરમાં આક્રોશ ફેલાવી દીધો છે અને હવે મધ્ય પ્રદેશ ભાજપના નેતાના દુષ્કર્મ થયાની ફરિયાદ ન લેવાની વિગતો બહાર આવતા દેશભરમાં મોટા પ્રમાણમાં હોહા મચવા સાથે આક્રોશ ભડકી ઉઠયો છે... અને કદાચ બિહાર ચૂંટણીમાં પણ તેના પડઘા પડી શકે છે જેડીયુ-ભાજપ ગઠબંધન માટે નુકસાન કારક બની શકે....!





બોલો હવે કાઈ કહેવું છે કે મીડિયા કેમ ચુપ છે સત્ય બહાર લાવો

ઈલાહબાદ માં ગેંગરેપ નો આરોપી ભાજપ નેતા ડો. શ્યામ પ્રકાશ ત્રિવેદી હજી સુધી ફરાર છે આજે ૧૬ મો દિવસ છે, એને પકડી નથી શકતા,અને આપણે વિચારીએ છીએ કે હાથરસ ની દલિત દીકરીને ન્યાય મળશે.. ફક્ત એટલું વિચારો કે આવા હરામખોર દુનિયાના સૌથી નીચના પેટનાવ ને આટલી હિંમત કયાં થી મળતી હશે.. ન્યાય ની આશા છોડીદો. શું દલિત ની દીકરી છે એટલે ન્યાય નહીં મળે. દલિત ની દીકરી એ દીકરી નથી વાહ હિન્દુવાદી યોગી સરકાર વાહ.

જોયું તમારું હિન્દુત્વ. દરેક સમાજોને આ નિર્દોષ દીકરી ના ન્યાય માટે અવાજ ઉઠાવવો જોઈએ. દીકરી એ દીકરી જ છે. ભલે કોઈ પણ ધર્મની હોય કે કોઈપણ જ્ઞાતિની હોય. દરેક સમાજનો સાચો ધર્મ એજ છે કે આવી નિર્દોષ દીકરીઓ નો અવાજ બને. પૂછતા હૈ યે ભારત.

# મહાત્મા ગાંધીઃ જન્મતિથિ ૨૦૨૦

બીજી ઓક્ટોબરે ભારતભરમાં મહાત્મા ગાંધી ના જન્મદિન મનાવવા માટે અન્ય પ્રકારના સમારંભો થયા હશે. તેમનું મન પસન્દ ભજન - વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે પણ ખુબજ ભવુંક શબ્દોથી ગવાયું હશે. અઝાદીના સીતેર વર્ષો પછી ભાષનો માટે કોઈ નેતા પાસે ભાગ્યેજ કોઈ શબ્દો ખૂટતા હશે. રેંટિયો કાંતવાની પ્રક્રિયા તો કરવિ જ પડી હશે કે જેથી મીડીયામાં થોડા ગાંધીવાદિ ની છાપ ઉઠે તેવા ફોટા પણ છપાય?. પણ આ બધા એક દિવસના કાર્યક્રમ આપણે પાછા હતા ત્યાંને ત્યાં આવી રોજની મુતાબિક જીવન આગળ ચલાવીએ છીએ.

કેટલાક બુદ્ધિ જીવીઓ પૂછે છે કે આજના જમાનામાં હવે ગાંધીજી ની શું કિંમત છે? અને પછી કોંગ્રેસ ઉપર તૂટી પડે છે. એક નેતાએ પોતાને ગાંધીજી ના અનુયાયિ બતાવી મારી સાથે વાતચિત સારું કરી. પ્રથમ તો તેમને કહ્યું કે ભારતના વડાપ્રધાન રાષ્ટ્રીય સેવા સંગ ના પ્રચારક હોવા છતાં પણ ગાંધીજી માટે ખુબજ માં ધરાવે છે.

તેની હા માં હા મિલાવવી પડે તેમ હતું તેથી મેં કહ્યું, × તમારી વાત સાચી છે, મેં મારા એક લેખ માં તેનો ઉલ્લખ પણ કર્યો હતો×. આમ કહી તેની ટાંકી કહ્યું,× આપણ આ પ્રધાન સેવકે કહ્યું હતું કે ગાંધીજી ભારતમાંથી હતા પણ ફક્ત ભારતને માટેજ ન હતા, તેમના વિચારો દુનિયાભરમાં માનવતાના પ્રતીક સમાન છે. અને મારુ માનવું છે કે જ્યાં સુધી ગાંધીજીની વિચાર ધારા ને માનવતામાં સમાવી લેવાશે ત્યાં સુધી તેમનું આપણી વચ્ચે મહત્વતા રહેશે અને આપણે રસ્તો બતાવતું રહેશે. તેમના રસ્તે ચાલવાથી આપણે એક સારી દુનિયા બનાવી શકીશું×. ટૂંકમાં આમાંથી હવે આપણે એવો કઈ નવો સારાંષ કાઢી શકિયે. ભાઈ ખુશીમાં આવી ગયા. પછી પેલાભાઈ એ લાગ જોઈ એક ટોણો મારવા પ્રયત્ન કર્યો,× આ જો ગાંધીજી એ નેહરુને આટલું મહત્વ ન આપ્યું હોત તો ભારત આજે ક્યાંથી ક્યાં પોહચી ગયો હોત× પછી પેલા ભાઈ એ એપણ ઉમેર્યું કે નેહરુએ ગાંધીજી પાસે ઘણું શીખવા જેવું હતું. પરંતુ હવે માંરાથી રહેવાયું નહિ એટલે મેં સામે કહ્યું, ×ગાંધીજી માટે નહેરુ અને સરદાર બન્ને એક અનમોલ રત્નો હતા, અને ગાંધીજી ની હીરો પારખવાની શક્તિ કોઈ ઓછી ન હતી.× પછી ઉમેર્યું, × નહેરુ આજની જેમ કોઈ જુઠ્ઠા બણગા ફૂંકતા ન હતા. બેરિસ્ટર થયેલા અને દુનિયા ફરેલા હતા, ભારતની જે સ્થિતિ હતી તે પરથી તેમની નીતિએ ભરતને સ્થિરતા આપી અને એમાંનું જો ફક્ત દસ ટકા જેટલી પણ આજે સમજ દેખાડાઈ હોત તો આજે જે અર્થ વ્યવસ્થા, ન્યાય વ્યવસ્થા કે સરકરી તંત્રોની સ્થિતિ ની આવી કફોડી ગઈ છે તે ના થઈ હોત'. ભાઈ નીચે જોઈ પોતાના અંગુઠા થી જમીન ખોતરતા થઇ ગયા. મેં કહ્યું કે આજ કાલ દુનિયામાં બધુજ દેખાતું થઇ ગયું છે. ગાંધી આશ્રમમાં જઈ રેંટિયો કાંટી કે રાજઘાટ ઉપર જઈ થોડા ફૂલો ચઢાવવાથી ગાંધીવાદી નથી થઈ જવાતું. ગાંધીજીના ચશ્મા પોતાની જાહેરાતો માં વાપરી સ્વાવલાંબીના નારા લાગવાથી દેશ સ્વાવલાંબી બનવી શકતો નથી. એફ.ડી. આઈ ના નામે સરકારી ખજાનામાં અને બેંક્રો માંથી કાયદેસર લૂંટ ચલાવીછે અને ચાઈના જેવા દેશોની આપણી કન્ઝ્યુમર ઈકોનોમી ઓપર પક્કડ જમવા દેવામાં આવીછે અને સ્થાનિક વેપાર અને રોજગારો તૂટી પડયા છે. પંદર લાખનો સુટ પેહરી, રોજ નવા વેશભૂષા બદલી ગાંધી ની વાતો કરનાર સો ચૂહે મારકર જેમ બિલ્લી હજ પે ચાલી જેવી વાત થાય.

ગાંધીજી નો ફાળો ફક્ત ભારતની આઝાદીની ચળવળ પૂરતો જ ના જોવાય. પણ આઝાદી પાછળ ના કારણો સમજવાની જરૂર છે. તેમની વ્યાખ્યા પ્રમાણે લોકશાહીને મહત્વતા આપવામાં આવીછે. એક હથ્થું સત્તા અને ચાર માણસોની ચાંડાલ ચોકડી ભેગી થઈ નિર્ણયો લે તેની એમાં કોઈ જગ્યા જ ન હોવી જોઈએ. ચાલો થોડા ઊંડા ઉતરીએ અને જોઈએ.

રામ રાજ્ય નો અર્થ

ગાંધીજી એ રામ રાજ્ય નો ઉલેખ કર્યો અને તેની વ્યાખ્યા પણ સમજાવી હતી. રામરાજ્ય અને હિન્દૂ ધર્મની જયારે વાત આવે છે ત્યારે 'સત્ય'નું આચરણ એ પેહલો સિદ્ધાંત ગણાય છે. જો નેતાઓ અસત્ય બોલવામાં શરમ નહિ તો તે હિન્દૂ ધર્મ ને કેવી રીતે પાળતા ગણાય? અને તેમાંય એક જવબદારી લઈ બેઠેલા નેતાઓને હવામાં તોલ્લા પણ ના મારવા જોઈએ. અને બીજો ભાગ છે, જે માનવતા સંબધિત છે અને તેથીજ ગાંધીજીને માટે વૈષ્ણવજન તો તેને રે કહીએ.... ભજન ખુબજ મહત્વ નું હતું. રામ રાજ્ય એક પવિત્ર વ્યવસ્થા ની કલ્પના છે જેમાં સમાન હક્કો અને ન્યાય ની ગાથા ઓ જોડી શકાય છે. અને જયારે આને રાજકીય પક્ષોની વિચાર ધારા ની દ્રષ્ટિએ જોવા જાવ તો સેક્યુલર વિચાર ધારા ને તે સમાવી લે છે. પણ આને હિન્દુત્વ રાજકીય વિચારધારામાં કોઈ જગ્યા જ નથી. અને ને આપણા હિન્દૂ ધર્મે કશું લગતું વળગતું નથી.

શ્રી કૃષ્ણે, ગરીબ સુદામાના દુઃખ દૂર કાર્ય, અર્થાત રાજા ને એક આજના સરકારના અર્થમાં લેવામાં આવે અને પ્રજા ને સુદામા તો સરકારે હંમેશા પ્રજાના દુઃખ દૂર કરવા એજ રાજ ધર્મ છે. રાજા રામે શબરીના એઠા બોર ખાધા કેમકે તે પ્રજાના પ્રેમ અને સબ સમાનતા નું એક પ્રતીક સમજાવતા હતા.પરંતુ મૂડીવાદીઓ સરકાર બની બેઠા છે અને સરકારી મદદોને ધીમે ધીમે રગદોળી નાખ્યા બરાબર થવા માંડી લાગે છે.

રાજા રામ, પાદુકા અને લક્ષ્મણજી

રાજા, સરકારની ગેર હાજરીમાં લક્ષ્મણજી જે સરકાર વાટી વહીવટ કરતા હોઈ છે તે મને પ્રભુની પાદુકા

જેમે બંધારણ ની મારિયાદા સમાન ગણી રાજ્ય ચલાવ્યું.અહીં રાજા રામ, આક્ષેપો સામે નમી વનવાસ ગયા અને આમ જો સમજવું હોય તો ઘણું સમજી શકાય છે. પરંતુ આજે ગાંધીજીના સત્ય અને હિંન્સા ને એક 'બીકણ અને અશાક્ત' હોવાનું હોય તેમ શીખવાડાય છે. માટે ગાંધીએ સમજાવવા પ્રયત્ન કર્યો હતો કે, ×રામ રાજ્ય નો અર્થ એવો નથી કે હિન્દૂ રાજ્ય. તેમનો સમજાવવાનો અર્થ એ હતો કે રામ રાજ્ય ની જે પવિત્રતા હતી તેને જેવા વર્તન વાળું રાજ્ય હોવું જરૂરી છે. અને મારુ માનવું છે કે પછી તે રામ હોઈ કે રહીમ, પણ પદુકા સમાન બંધારણ જે ન્યાય અને સમાન અધિકાર અને માનવતા ના આધારે બનાવાયું છે તેની મારિયાદને સમજી રાજ્ય ચલાવે.

હિન્દુત્વ, એક રાજકિય હથિયાર માં ગણાય અને અહીં ધાર્મિક લાગણીનો ઉપયોગ થયો વોટીંગ માટેના જૂથો ઉભા કરાય છે. હિન્દૂ ધર્મ આ એ એક વ્યક્તિગત દરેક નો પોતાની આત્મિયતા સાથેનો સંબંધ માં ગણી શકાય. ગાંધીજીએ પણ પોતાના આત્માને ઢંઢોળ વાની વાત ને અગત્યતા આપી હતી. અને આપણા ધર્મમાં પણ શ્રી કૃષ્ણ પણ તેનો વાસ આપણા આત્મામાં બેસવાનો બોધ આપે છે. અહીજ આપણને માનવતાની કિંમતનો ભાષ થઈ શકે છે. ગાંધી જી એ હંમેશા

ધર્મને રાજકારણ નું સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો ન હતો, પણ સમાનતા ના આધાર નીચે આપણા આત્માના મંથનને માનવતા ઢંઢોળવા ની વાત કરી હતી. અહીજ સત્ય મળી શકેછે. તમેને રાજકારણ કેવું હોવું જોઈએ તેની સાંજ પાડવા પ્રયત્ન કર્યો કે જ્યાં રાજ ધર્મ, એક સત્તાએ કેવીરીતે નિભાવવો તેનો અનુભવ કરાવડાવ્યો એમ કહી શકાય. એની ધર્મ અને રાજકારણની સીમાઓ વિષ તેમની વિચારધારા ખુબજ મહત્વ ની છે.

ગાંધીજી સામે વિરિદ્ધ

ભારતની આઝાદી પહેલાથીજ ગાંધીજી એ કોમવાદનું સાચું સ્વારૂપ જોયું હતું. સાઉથ આફ્રિકામાં જે અનુભવ્યુ હતું તે તેમને ભારતમાં આઝાદી દરમ્યાન પણ અનુભવ્યું. આમ જોવા જાવ તો મોટા ભાગના હિંદુઓ અને મુસલમાનો ઝાડીની ચાલવામાં એકસાથે ખભે ખભો અડાડી ને ઉભા રહ્યા હતા. આ હિન્દુત્વની વાત

જાણવા મુજબ પ્રથમ તો ૧૮૭૦ દરમ્યાન એક આનંદમઠ ની નોવેલ માં બંકિમ ચંદ્ર ચટોપાધ્યાય એ ઉલ્લખ કર્યો હતો. પછી ૧૯૦૬ દરમ્યાન રાષ્ટ્રીય સેવા સંઘ ના પ્રચારક અને નેતા માધવ સદાશિવ ગોલવલકરે આ હિન્દુત્વ રાજકારણ ને પોતાના કર્યકાળ દરમયાન મહત્તા આપી હતી. તેમના એ બંચ ઓફ થૉટ્સ અને વી અવર નેશન ડિફાઈન નામના પુસ્તકોમાં ઘણી ચોંકવાટો કરી હતી. જોકે અતિયાર ની આર. એસ. એસ. હવે એમાં લખાયેલા વિચારોથી દૂર ભાગે છે. આ ગોલવાલકર ની સાથે વિનાયક દામોદર સાવરકર જે હિન્દૂ મહા સભાના નેતા હતા તેમણે હિન્દુત્વ રાજકારણ ને ખુબજ વેગ અપાયું હોવાનું ઈતિહાસિક નોંધો જણાવે છે. ૧૯૩૫ દરમયાન ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટીએ બંધારણ -કોન્સ્ટિટ્યૂશનલ- સમિટીની માગ મૂકી હતી. હવે ગાંધીજીની મુશ્કેલીઓ વધી કેમકે ગમે ત્યારે આ ચૂંટણી થવી હતી. અને સાવરકરે ૧૯૩૬માં અમદાવાદના પોતાના હિન્દુમહાસભાની મિટિંગના ભાષણમાં ઈન્ડિયામાં બે દેશોઃ એક હિન્દૂ એન્ડ બીજો મુસ્લિમ, હોવાનું જાહેર કર્યું. તેના પછી ૧૯૪૦માં મહમદ અલી જીન્હા એ પણ મુસ્લિમ લીગમાં આજ વાત મૂકી અને પછી કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખેલો. ગાંધીજી, નહેરુ અને સરદાર પટેલ જેવા મોટા નેતાઓ ભારત ના કોઈ પણ ધર્મ ને આધારે વિભાજ ન થાય તેના પક્ષમાં હતા. જયારે સાવરકર ના સાથીએ એક હિન્દૂ રાષ્ટ્ર ઉભું થાય તેવી માગ શરૂ કરી. ગાંધીજી ના વીરૂધ માં કાળા વાવટા દેખાડાય અને અંગ્રેજો કોંગ્રેસની માગ સાબલે નહિ તેવી મહીં ચાલુ કરાવાઈ હતી.

૧૯૪૦માં સુભાષ ચંદ્ર બોઝ ને પણ કોંગ્રેસમાં મતભેદ થાય અને જે જર્મની ના હિટલર પાસે મદદ માટે દોડી ગયા હતા. પછી હિટલર ની હાર સામે દેખતા જાપાન ના રાજા પાસે પોહચી ગયા પણ, ત્યારે અમેરિકાએ જપણ ઉપર બે અણુંબૉમ્બ નાખેલા. ૧૯૩૬ ની ઈન્ડિયન પ્રોવિન્સિયલ ચૂંટણીમાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસને ભારે બહુમતી હતી. અને હિન્દૂ મહા સભાએ ગાંધીજી ની આઝાદીની ચળવળને સાથ આપવાનો ખુલ્લે ખુલ્લો વિરિદ્ધ કર્યો હતો. અહીં કોંગ્રેસ સેક્યુલર એજન્ડા ઉપર ઉભું હતું અને તેનીસામે સાવરકર અને તેમની હિન્દુત્વની રાજનીતિ. જોત જોતામાં ૧૯૪૬ સુધીમાં ચૂંટણી થઈ અને તેમાં ૨૯૬ સીટોમાંથી ૨૦૮ કોંગ્રેસને મળી અને ૭૩ મુસ્લિમ લીગને. આ હિન્દુત્વ ના રાજકારણી એક ભયાનક હાર ગણાય હતી. આ એસેમ્બલી કમિટી એ જ ભારતનું બંધારણ બનાવ્યું હતું અને તેમાંય સરદાર પટેલ ને જે ૫૬૦ જેટલા નાના મોટા રજવાડાઓ હતા તેમને એક બંધારણ હેઠળ લાવવા તેની જબદરી સોંપેલી. ડો આંબેડકર જે આ બધારંણ કમીટીનાં ચેરમેન હતા તેમની દેખરેખ નીચે, સરદાર પટેલની પૂર સંમતિથી આ ૩૦૭નો સમાવેશ પણ કમિટીએ જ કર્યો હતો. બધાજ ગાંધીજી ની સલાહ લેતા અને પણ એ કોઈ કમિટી માં જ ન હતા કે ચૂંટણીમાં ઉભા રહ્યા. આ શ્યામાં પ્રશાદ મુખર્જી એ આર એસ એસ ની મદદદથી ભારતીય જનતા પક્ષ સ્થાપ્યો હતો તે મૂળ કોંગ્રેસમાં હતા અને પછી નેહરુજીએ તેમની પોતાની પેહલી કેબિનેટમાં મિનિસ્ટ્રી ઓફ ઈન્ડસ્ટ્રી અને સુપલાય નીમ્યા હતા. ૧૯૫૦ તે રાજીનામુ આપી નીકળી ગયા. પણ, જયારે ફાવે ત્યારે ગાંધીજી અને નેહરુનો વાંક કાઢનારાઓ એટલું ય સમજતા નથી કે આ બંધારણ સમિતિ અને ભારતની પ્રથમ કેબિનેટમાં મોટા મોટા ભણેલા ગણેલા દિગ્ગજ્જો હતા જે ગાંધીજી, સરદાર અને નેહરુને પણ હંફાઈ નાખે તેવા હતા. આજકાલ ની જેમ કોની હિંમત અડધી રાત્રે કાયદા અને નિયમો બંનાવવાની પ્રથા ચાલવી લેવાતી ન હતી.

ગાંધીજી નું ખૂન

ભલે લોકો ગમે તે કહે પણ જાહેરમાં એક માણસ પિસ્તોલ લઈ એક બિન હથિયાર વડીલ જે સવારની પ્રાર્થના કરવા જય રહ્યા હોય તેને ગોળીઓ મારી મારી નાખે તો તેને આતંગવાદ સિવાય બીજી કઈ રીતે વર્ણવી શકાય? ભલે કોઈની સાથે રાજકીય વિચારણા માટે ભેદ હોઈ શકે, પણ ઉગાડે છોક ખૂન કરવાની રીત તો કોઈ પણ હિન્દૂ સંસકૃતિમાં માન્ય હોઈ શકે જ નહિ. છતાં આજે લગભગ ૭૦ વર્ષો પછી પણ એવા છે જે આવ અતંગવાદીઓને પોતાના હીરો બતાવે છે. ભલે ગાંધીજીના શરીરનો અંત લાવી શક્ય પણ ગાંધીજીના વિચારોને અમર કરી ગયા. ગાંધીજી નો વાંક એટલો કે તે સત્ય ને સાથે ઉભા રહ્યા. તમના જીવવવનો અંત આઝાદી પછી કેમ લાવાનું સર્ડયંત્ર કેમ ઘડાયું તે એક મોટો પ્રશ્ન ગણાય. ગાંધીજી ના તો કોઈ સત્તા ઉપર હતા નાતો કેબિનેટના કામમાં કોઈ દખલગીરી કરતા હતા. ઘણા સત્યાગ્રહીઓનું માનવું છે કે ગાંધીજીની ગોળીમારી હત્યા કરવાનું કારણ કેક જુદુજ લાગે છે. છેલ્લા દશવર્ષોમાં ગાંધીજી એ ધીમે ધીમે પોતાના જીવનમાં સવાર સાંજ પ્રાર્થના ની પ્રવૃત્તિ શરુ કરી હતી. આઝાદી મળી ચુકી હતી અને સ્વતંત્ર ચૂંટેલી લોકસભા પણ. ગાંધીજી ચાર વિચારો પોતાના મંતવ્ય મુજબ આપે કે ના આપે શો ફર્ક પાડવાનો હતો? કેટલાક લોકોને એ ડ ર હતો કે આ ગુજરાતી ડોસાએ દાંડી કુચ જેવી યુક્તિઓ કરી જનતાને પોતાની સાથે કરી દીધા હતા અને હવે જો રોજ ની પ્રાર્થના નું વેગ વધી ગયું તો ઠેર ઠેર કોંગ્રેસ સેવકો અને તેમના અનુયાયીઓ હિન્દૂ શ્રમનું મહત્વ તદ્દન બીજી રિતે જ જોવાનું શરુ કરશે? અને જો એમ થશે તો આ હિન્દુત્વનું રાજકારણ ની સ્થિતિ તદ્દન ખોરવાઈ જશે. અહીં સેક્યુલર વિચાર ધારા અને ધાર્મિક સમજણ બંન્ને ભારતને એક હિન્દૂ રાષ્ટ્ર બનાવના ચક્કર માં એક મોટો અવરોધ તરીકે જોતા હતા. ગાંધીજી ને તો દૂર કરી ગયા પણ તેને વિચારો એ વધારે મૂળ નાખી દીધા. ૬૦ જેટલા વરસો સુધી આ સેક્યુલર કોંગ્રેસ અને સોશ્યલીસ્ટ નીતિઓ ઉપર કાદવ ઉડાડવા સિવાય કશું કરી શકાય નહિ. ઈમર્જન્સી થી ના હોટ અને જ ન તા પક્ષ ઉભો કરાય પણ ન હોટ., તેમાંના મોટાભાગના નેતાઓ કોંગ્રેસના નાસીપાસ તમાંયેલા નેતાઓ હતા, જેવાકે મોરારજી દેસાઈ ને જયપ્રકાશ નારાયણ. ભલે ગમે તેમ કહો પણ ઈમર્જન્સી લોકશિન સિદ્ધાંતો વિરુદ્ધ હતી અને તેની સજા કોંગ્રેસ ને મળી હતી. પણ જ.ન.તા પક્ષ પાછળ ની તાકાત અને અન્ના હઝારેની પાછળ શક્તિઓ ના મૂળ શોધવું દૂર જાવવી જરૂરજ નથી. બન્નેનો ઉપયોગ સમય સમયે કરાયો અને પછી ચાદર ઓઢાડી સુવાડી પણ દેવડાયો. ગાંધીજી પછી સરદાર ને નેહરુથી જુદા કરી જેટલો ગાંડો પ્રચાર કરાય તેટલો કરાયો. નેતાજી નો અને આંબેડકરના નામનો ઉપયોગ ગાંધીજી અને નહેરુ સામે કરાયો. ડેવલપમેન્ટ અને ગુડ ગવર્નન્સ ને અન્ના હઝારે આંદોલન ને પૂંછડે લગાવી ૨૦૧૯ ચૂંટણીમાં હિંદુત્વને એક ખાનગી પ્રચાર માટે પૂરતો રાખી, સેક્યુલર માં સુડો સેક્યુલર કરી તેની નવી નવી વ્યાખ્યાઓ બહાર આવવા લાગી. પછીનો ઈતિહાસ તો હજુ તાજોજ છે. અને આમ ભારતના બંધારણ ના સેક્યુલર અને સોશ્યલીસ્ટ બંને સિદ્ધાંતોને નવીનવી વ્યાખ્યાઓ આપી ચૂંથી નખાઈ રહ્યા છે. જે રીતે મૂડીવાદીઓને લોટવાની બેફામ છુટ આપવાનું શરુ થઈ ગયું છે અને સરકારી સુવિધાઓ જેવીકે શિક્ષણ અને શારીરિક સારવાર ઉપરાંત બીજી સેવાઓનો સરકારી ઓક્સિજન ઓછો કરવાનું દેખાઈ રહ્યું છે તે કઈ તરફ ભારતને લઈ જવામાં આવ્યું છે તેની નિશનીઓ છે.

અમેરિકાના ત્યાંની પાર્લામેન્ટ જેને સેનેટ કહેવાય છે તેના નેતા શ્રી સ્ટેની હોયરે, ભારતના વાડાપ્રધાનની હાજરીમાં ૨૦૧૯ માં કહ્યુ હતું કે બંને દેશો ને એ અભિમાન છે કે જૂની સંસ્કુતી મુજબ ગાંધીજી ની શિક્ષા અને નેહરુની ભારતમાટે એક સેક્યુલર લોકશાહી માટે ની દીર્ગ દ્રષ્ટિ અમો માનવોર્ન અધિકારો અને વિવિધતા ના મૂળભૂત અધિકારો ને સાંભળવા પર્યટન કરીએ છીએ. આજે ૭૦ વર્ષો પછી પણ આ અમેરિકન ભારતની છબી, એક બ્રાન્ડ માટે ઘણું બધું કહી ગયો કહેવાય. આજે રાજકીય દાવ પેચોમાં દરેક પ્રકારની વ્યવસ્થા ધીમે ધીમે આ મૂળભૂત સિદ્ધાંતો ની સામે નો પડકાર ઘણી કે પછી ગાંધીજીના પૂતળાને હારતોરા કરી, જયારે પેલા વળી જોશો તો લાગશે કે ગાંધીજી જેવો મહાન આત્મા ખરેખર આ પૃથ્વી ઉપર કોઈ જીવિત માનવ હતો? મારી દ્રષ્ટિએ, આજે ધીમે ધીમે લોકશી જનતાના હાથમાંથી સરકી રહી છે, પણ મારે તો ફક્ત વાહ....વાહ કરવાની અને ભલે પછી.........

બુદ્ઘદેવ પંડ્યા યૂનાઈટેડ કિંગડમ

# ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપની ટીજીપી રિલાયન્સ રિટેલમાં ૧૮૩૭ કરોડનું રોકાણ કરશે

*ન્યુ દિલ્હી,તા.૩*

વિશ્વની જાણીતી ઈન્વેસ્ટમેન્ટ ફર્મ TGP દ્વારા રિલાયન્સ રિટેલમાં રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. TGP 0.41 ટકાની ભાગીદારી માટે ૧૮૩૭.૫૦ કરોડ રૂપિયાનું રોકારણ રિલાયન્સ રિટેલમાં કરશે. રિલાયન્સ રિટેલમાં આ અત્યારસુધીનું ૭માં રોકાણ છે. કંપનીએ ૭.૨૮ ટકાનો હિસ્સો વેચીને અત્યારસુધીમાં ૩૨,૧૯૭.૫૦ કરોડ રૂપિયા એકઠા કરી લીધા છે. અબુધાબીની મુબાદલા ઈન્વેસ્ટમેન્ટ કંપનીએ રિલાયન્સ રિટેલ વેન્ચરમાં ૬,૨૪૭.૫ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીસના ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટર મુકેશ અંબાણી એ જણાવ્યું કે, હું રિલાયન્સ રિટેલ વેન્ચર્સના વેલ્યૂએબલ રોકાણકાર તરીકે ટીજીપીનું સ્વાગત કરું છું. ટીજીપીના સહકાર અને ગાઈડન્સથી કંપનીને આગળ વધવામાં મદદ મળશે. TPGના સીઈઓ જિમ કૂલ્ટરએ જણાવ્યું કે રેગ્યુલેટરી બદલાવ, ગ્રાહકોની ભૌગોલિકતા, ટેકનોલોજીના વ્યાપના કારણે ભારતમાં રિટેલ ચેન ખૂબ આકર્ષક બનતી જઈ રહી છએ. એક અવિશ્વસનીય મજબૂતાઈથી ચોક્કસ લીડર તરીકે અમે રિલાયન્સ રિટેલ સાથે જોડાવા બદલ ઉત્સાહિત છીએ.

રિલાયન્સ રિટેલમાં કુલ રોકાણ ૩૨ હજાર કરોડને વટાવી ગયું છે. રિલાયન્સ રિટેલમાં, સિલ્વર લેકએ ૭,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે અને કેકેઆરએ ૫,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. આ બંને સમાન કંપનીઓ છે જેમણે રિલાયન્સ જિઓમાં રોકાણ કર્યું છે.વિશ્વના મોટા ખાનગી ઈકિવટી ફંડ્સ હાલમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પર આધાર રાખે છે, તેથી તેઓ રિલાયન્સ કંપનીઓમાં રોકાણ કરે છે. રિલાયન્સ રિટેલ વેન્ચરનું હાલમાં વેલ્યુએશન ૪.૨૮ લાખ કરોડ છે, જેના પર આ કંપનીઓ રોકાણ કરી રહી છે.

# ગલવાન શહીદોની યાદમાં સ્મારક, મેમોરિયલ પર ૨૦ સૈનિકોના નામ અંકિત કરાયા

*ન્યુ દિલ્હી,તા.૩*

પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં ચીની સૈનિકો સાથે થયેલી હિંસક અથડામણમાં શહીદ થયેલા ભારતીય સેનાના ૨૦ જવાનોનું નામ કાયમ માટે અમર થઈ ગયું છે. ગલવાન ઘાટીમાં ચીની સેનાનો મુકાબલો કરતાં શહીદ થયેલા ૨૦ જાંબાજ ભારતીય જવાનોના નામ પૂર્વ લદ્દાખમાં મેમોરિયલ પર અંકિત કરવામાં આવ્યાં છે.

શહીદ થયેલા આ ૨૦ સૈનિકોએ ભારત ભૂમિની રક્ષા કરવા ખાતર પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી હતી. પોતાના કરતાં ચીનના સૈનિકોની સંખ્યા વધુ હોવાનું જાણતા હોવા છતાં તેમણે દુશ્મન સૈનિકોને પડકાર્યા હતા.

૧૬ બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર કર્નલ બી સંતોષ બાબૂ, ગલવાન ઘાટીમાં પેટ્રોલિંગ પોઈન્ટ-૧૪ પાસ ૭ કલાક સુધી ચાલેલા લોહીયાળ જંગમાં જીવ ગુમાવનારા ૨૦ શહીદ સૈનિકોમાંથી એક હતા. જયાં ભારતીય સૈનિકોએ ચીની પીપલ્સ લિબરેશન આર્મીની સેનાને વ્યાપક નુક્સાન પહોંચાડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, યુદ્ધમાં શહીદ થયેલા તમામ જવાનોના નામ આ સ્મારક પર અંકિત કરવામાં આવશે.

CYMK

# અરવલ્લીમાં કોવિડ વિજય રથનું આગમનઃ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પરીભ્રમણ કરશે

કોવિડ સામેની લડાઇના આ નિર્ણાયક તબક્કામાં લોકોનો આત્મવિશ્વાસ વધુ બુલંદ થાય અને સાવચેતી રાખવામાં હજુ વધુ જાગૃતિ કેળવાય તેવા ઈરાદાથી રાજ્યમાં કોવિડ વિજય રથ દ્વારા કોરોના જાગૃતતા અભિયાન શરુ કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાત ઝોનના કોવિડ વિજય રથનું બનાસકાંઠા,પાટણ, મહેસાણા, સાબરકાંઠા જિલ્લા બાદ અરવલ્લી જિલ્લામા આગમન થઈ ચૂકયું છે ત્યારે આજ રોજ ભિલોડા મામલતદાર કચેરી થી ભિલોડાના માનનીય ધારાસભ્ય ડો. અનિલભાઈ જોષિયારાના વરદ હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ભિલોડા મામલતદાર શ્રી આર.પી.વણકર તાલુકા વિકાસ અધકારી શ્રી આર.આર બરજોડ તથા અગ્રણી શહેરી જન ઉપસ્થિત રહ્યા હતા. રથ પ્રસ્થાનના પ્રસંગે ભિલોડા ધારાસભ્ય માનનીય ડો.અનિલભાઈ જોષિયારા એ જણાવ્યું હતું કે સરકાર શ્રી દ્વારા લોકો ની જાગૃતિ માટે આ કોવિડ વિજય રથ નું જે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તે ખુબજ ઉમદા અને અભિનંદન ને પાત્ર છે લોકોને સાચી જાણકારી મળે અને જાગૃતતા કેળવાય તે માટેની આ અનોખી પહેલ ખરેખર સરાહનીય છે. હું ભિલોડા તાલુકા ની જનતા ને આ અભિયાન મા જોડાવા અપીલ કરું છું સાથે જ આ કોવિડ ની મહામારી ને સૌ સાથે મળીને હરાવિશું એવો વિશ્વાસ વકત કરું છું. આ પ્રસંગે કલાકારો દ્વારા કોવિડ વિજય રથ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે કોવિડ વિજય રથ જે મુખ્ય સંદેશ લોકો મા આપશે તેમાં સોશીયલ ડિસ્ટન્સ, માસ્ક નો ફરજિયાત ઉપયોગ અને સેનેટાઈજેશન એટલે કે હાથ ને વારંવાર સાફ કરવા સાચા અર્થ મા ઉપયોગી સાબિત થશે વધુ મા તેમણે જણાવ્યું કે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો અને યુનિસેફ દ્વારા રાજયભરમાં પાંચ રથ દ્વારા આ અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન દ્વારા કોરોના જાગૃતિનો સંદેશ, સરકાર દ્વારા લોકો માટે કરવામાં આવેલી વિવિધ પહેલની માહિતી અને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને યોગ્ય પોષણની જાણકારી ગુજરાતના દરેક નાગરિક સુધી પહોંચાડવામાં આવી રહી છે.



કોવિડ વિજય રથ દ્વારા મફત મા હોમિયોપેથીક તેમજ આયુર્વેદિક દવાઓ નું વિતરણ દ્વારા ખરેખર અદભૂત સેવાકીય કાર્ય કરી રહ્યા છે, છેલ્લાં ચાર અઠવાડિયા થી ચાલતો આ કોવિડ વિજય રથ બનાસકાંઠા,પાટણ,મહેસાણા, સાબરકાંઠા જીલ્લાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારો માં ફરી જાગૃતિ સંદેશ ફેલાવી રહ્યો હતો આજ થી અરવલ્લી જિલ્લા ના ભિલોડા મુકામે થી કોવિડ વિજય રથ ના આ જનજાગૃતિ અભિયાન ની શરૂઆત થઈ છે ત્યારે ભિલોડા શહેર, મોહાનપુરા, જેશિંગપૂરા, પાલ્લા, શામળાજી તેમજ જિલ્લા ના શહેરી તથા ગ્રામીણ વિસ્તારો જેવા કે મોડાસા, મેઘરજ,માલપુર, બાયડ સાથે આગામી દિવસો મા અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારો મા પણ જનજાગૃતિ ફેલાવશે આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરો સહયોગ સાંપડી રહ્યો છે. સામાજિક અંતર જળવાય એનું ધ્યાન રાખીને રથ પર માર્યાદિત સંખ્યામાં માત્ર ૪ કલાકારો પોતાની વિવિધ કલા જેવી કે ભવાઈ, ડાયરો, નાટક , જાદુ વગેરે દ્વારા ખૂબજ સહજરીતે અને સમજી શકાય તેવી હળવી શૈલીમાં જાગૃતતાના સંદેશ ફેલાવી રહ્યાં છે. રથમાં કોરોના વાયરસના સંક્રમણથી બચવાના ઉપાયો જણાવવાની સાથે રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલએ પ્રમાણિત કરેલ આયુર્વેદિક તેમજ હોમિયોપેથી દવાનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી આ દવાઓ અભિયાન દરમિયાન લોકોમાં વિનામૂલ્યે પૂરી પાડવા સહયોગ આપવામાં આવ્યો છે. આવનાર દિવસોમાં આ રથ અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થઇ જનજાગૃતિ અભિયાન આગળ ધપાવશે. ૭ સપ્ટેમ્બરથી શરુ થયેલ કુલ ૪૪ દિવસનું કોવિડ વિજય રથનું આ જન જાગૃતિ અભિયાન આવનાર દિવસોમાં ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ આજ રીતે અવિરત આગળ વધતું રહેશે.

# ગુજરાતમાં ૧ વર્ષમાં બેદરકારીથી ૬૭૧૧ અકસ્માતમાં ૭,૯૮૮ લોકોએ જીવ ગુમાવ્યો

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં બેદરકારીથી વાહન ચલાવવાના કારણે વર્ષ ૨૦૧૯માં ૬,૭૧૧ અકસ્માતની ઘટના બની છે, જેમાં ૭,૯૮૮ લોકોનાં મોત થયા છે. હિટ એન્ડ રનની ૯૬૬ ઘટનામાં ૧૧૨૯ લોકોનાં મોત થયા છે, બાકી અકસ્માતોમાં ૬૮૫૯નાં મોત થયાં હતા. ક્રાઈમ ઈન ઈન્ડિયા-૨૦૧૯ના નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના લેટેસ્ટ રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે. એનસીઆરબીના રિપોર્ટ પ્રમાણે અમદાવાદમાં વર્ષ ૨૦૧૯માં ૪૨૧ અકસ્માતની ઘટનામાં ૪૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. સુરત શહેરમાં ૨૯૦ અકસ્માતની ઘટનામાં ૩૦૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અમદાવાદ શહેર અને સુરત ગ્રામ્યમાં સૌથી વધુ મોત થયા છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ના ગાળામાં ગુજરાતમાં વાહન અકસ્માતના કારણે ૩૯ હજારથી વધુ લોકોએ જાન ગુમાવ્યા છે. એક તરફ સરકાર દ્વારા વાહન ચાલકો પાસેથી દંડ-ઉઘરાણાં કરવામાં આવે છે પરંતુ અકસ્માત મોત માટેના પગલાં તો કાગળ પર જ હોય તેવું ચિત્ર ખડું થાય છે.

વર્ષ ૨૦૧૫માં રાજ્યમાં ૮૦૩૮, ૨૦૧૬માં ૮૦૧૧, ૨૦૧૯માં ૭૫૭૪, ૨૦૧૮માં ૮૦૪૦ લોકોનાં મોત થયા છે. અન્ય એક સરકારી રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં વર્ષ ૨૦૧૯માં બનાસકાંઠા ૩૫૨, વડોદરા ગ્રામ્ય ૩૧૩, વલસાડમાં ૩૪૭ના મોત થયા છે. સુરત શહેરમાં ૨૮૮, રાજકોટ શહેરમાં ૧૭૧, વડોદરા શહેરમાં ૧૫૮, ખેડામાં ૨૪૧, ગાંધીનગરમાં ૨૨૯, ભરૂચ ૨૯૩, ગોધરા ૨૩૯ લોકોનાં છેલ્લા એક જ વર્ષમાં મોત થયા છે. ગુજરાતમાં આઈપીસીની કલમ હેઠળના બાળકો વિરુદ્ધના ગુનાની ૨,૧૯૪ ઘટનાઓ બની છે, જેમાં ૨,૩૨૪ બાળકો ભોગ બન્યા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯માં બાળકોના ગુમ-અપહરણની ૫૮૧ ઘટનાઓ બની છે, જેમાં ૬૧૭ બાળકો પીડિત બન્યા છે. અન્ય અપહરણની ૨૭૭ ઘટનામાં ૨૮૨ બાળકો ભોગ બન્યા છે. આમ કુલ ૮૯૯ બાળકોના ગુમ-અપહરણની ઘટના બની હોવાનું જણાવાયું છે. અમદાવાદ શહેરમાં બાળકોના ગુમ થવા-અપહરણની ૧૧૩ ઘટના બની હતી, જેમાં ૧૧૬ બાળકો પીડિત છે. સુરતમાં ૨૪૩ ઘટના બની છે, જેમાં ૨૫૯ બાળકો પીડિત છે. દેશમાં કુલ ૭૩,૧૩૮ બાળકો ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ૨૧,૦૭૪ બાળક, ૫૨,૦૪૯ બાળકી અને ૧૫ ટ્રાન્સજેન્ડર સામેલ છે. દેશમાં ૨૦૧૮ની સરખાણીએ ગુમ બાળકોના ગુનામાં ૮.૯ ટકાનો વધારો થયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ એમ ત્રણ વર્ષમાં કુલ ૬,૫૯૬ બાળકો ગુમ થયા હતા, જેમાંથી ૪,૭૭૩ બાળકો પરત મળી આવ્યા હતા, વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં ૨૪૧૭ બાળકો ગુમ થયા હતા, જેમાંથી ૧૮૭૩ મળી આવ્યા હતા, વર્ષ ૨૦૧૭માં ૨૧૭૨ બાળકો ગુમ થયા તો ૧૬૫૩ મળી આવ્યા હતા, ૨૦૧૬માં ૨૦૦૭ ગુમ થયા, જેની સામે ૧૨૪૭ બાળકો પરત મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્ર આર્ટિસ્ટ એસોસિએશન તમામ નાના કલાકારોની કરશે મદદ

સૌરાષ્ટ્ર,તા.૩

સૌરાષ્ટ્રનાં દિગ્ગજ કલાકારો દ્વારા સૌપ્રથમ વખત એસોસિએશન શરૂ કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર આર્ટિસ્ટ એસોસિએશન નામના આ ગ્રુપ દ્વારા તમામ નાના કલાકારોની મદદ કરવામાં આવશે. એટલું જ નહીં આવનારા સમયમાં તમામ કલાકારોને વીમા પોલિસી, હેલ્થ કાર્ડ, માં કાર્ડ તથા સરકારી સુવિધાઓ પણ આ એસોસિએશન દ્વારા પહોંચાડવામાં આવશે. સૌરાષ્ટ્ર આર્ટીસ્ટ એસોસિએશનમાં સુપ્રસિદ્ધ તેમજ ખ્યાતનામ કલાકારો સાંઈરામ દવે, રાજભા ગઢવી, કીર્તિદાન ગઢવી, માયાભાઈ આહિર, બ્રિજરાજદાન ગઢવી, બિહારીદાન ગઢવી, દેવાયત ખાવડ, ઉપરાંત હેમંત ચૌહાણ પણ જોડાયા છે.

આ એસોસિએશન દ્વારા આવનારા સમયમાં ‘કલા’ની એકેડમી ખોલવાનું આયોજન પણ કરાયું છે. જ્યારે કોરોનાના કારણે ૭ મહિનાથી નાના આર્ટીસ્ટોને ઘરના ખર્ચ પણ કાઢવા મુશ્કેલ બન્યા છે. ત્યારે નાના આર્ટીસ્ટોને સહાય પણ આપવાની જાહેરાત કરી હતી. આ તકે સાંઈરામ દવે અને કીર્તિદાન ગઢવી સહિતનાં પ્રસિદ્ધ કલાકારો દ્વારા નાના કલાકારોની મદદ કરવાનો સંકલ્પ કરાયો હતો.

સાથે જ આ માટે જાહેર કાર્યક્રમો શરૂ થતાની સાથે જ એક ખાસ સપ્તપદી કાર્યક્રમનું આયોજન કરવાની જાહેરાત કરાઈ હતી. અને તેના દ્વારા થનારી તમામ આવકથી નાના તેમજ જરૂરિયાત વાળા કલાકારોને મદદ કરવાનો પણ સંકલ્પ લેવાયો છે. ગુજરાતમાં પ્રથમ વખત કલાકારો એકત્ર થયા છે અને લોકડાઉનમાં કલાકારોની થયેલી કફોડી સ્થિતિને પહોંચી વળવા સંગઠિત થયા છે.

# માધવગઢ ગામના સાતપીંપીળાથી સોળાપુરા સુધીના રોડનું ધારાસભ્ય શંભુજી ઠાકોરે કર્યુ ખાતમુહુર્ત

ગાંધીનગર,તા.૩

ચોમાસાની શરૂઆતથી જ રાજ્યમાં રોડ-રસ્તામાં ખાડાઓની સમસ્યાઓ ઉભી થઇ હતી. લોકોએ રાજ્ય સરકારને આ રોડ રસ્તાઓને લઈને અનેક રજુઆતો પણ કરી હતી. આખરે સરકારે નિર્ણય કર્યો હતો કે ચોમાસાના અંતમાં રોડ રસ્તાઓનું સમારકામ તથા નવીનીકરણ શરૂ કરવામાં આવશે.

આજ રોજ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના વરદ હસ્તે ગાંધીનગર તાલુકાના માધવગઢ ગામના સાતપીંપીળા વિસ્તારથી સોળાપુરા ગામ સુધી પાકા રોડનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું છે. આ રોડને લઇ ઘણા સમયથી ગામના લોકોએ ધારાસભ્ય શંભુજી ઠાકોરને રજૂઆત કરવામાં આવી હતી જેને ધ્યાને લઇ ધારાસભ્ય શંભુજી દ્વારા આજ રોજ આ પાકા રસ્તા માટેનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં માધવગઢ ગામના ભાજપના વરિષ્ટ કાર્યકર્તા દશરથજીના હસ્તે આ મુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, માધવગઢ ગામના આગેવાનો થતા ગામના ભાજપના કાર્યકર્તાઓ તથા હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી કોરોના ગાઈડલાઈનનું સંપૂર્ણ પાને પાલન કરવામાં આવ્યું હતું.

# કૃષિ બીલને લઈને ખેડૂતોનેગુમરાહ કરવામાં આવી રહ્યાં છેઃ રૂપાલા

રાજકોટ,તા.૩

કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ રાજકોટમાં આજે કૃષિ સુધારા બીલને લઈને પત્રકાર પરિષદ યોજી હતી. પરશોત્તમ રૂપાલાએ નવા કૃષિ વિધેયકને લઈને જણાવ્યું હતું કે ખેડૂતો ગુમરાહ નથી થયા પણ ખેડૂતોને ગુમરાહ કરવામાં આવી રહ્યાં છે. મગફળી ખરીદીને લઈને નિયમમાં ફેરફાર કરવામાં આવે તે માટે મોહન કુંડારીયાએ રજુઆત કરી છે. આ સાથે જ જણાવ્યું હતું કે કૃષિ બીલને લઈને ખેડૂતો જમીન વિહોણા થશે તે વાત ખોટી છે. પણ કરારથી ખેડૂતો અને કંપનીને ફાયદો થશે.

રૂપાલાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે કૃષિ બીલને લઈને ખેડૂતો જમીન વિહોણા થશે તેવી વાતો ફેલાઈ છે, પણ તે વાત ખોટી છે. જે કરારની વાત છે તેમાં ખેડૂતો અને કંપની કરાર કરશે. તેમાં જમીનનો કોઈ ઉલ્લેખન નથી, માત્ર ઉત્પાદનને લગતી વસ્તુના વેચાણ બાબતે કરાર થશે. ૮૦ ટકા નાના ખેડૂતો છે. આ નાના ખેડૂતોને ભેગા કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વેચાણ કરી શકાય. આંતરરાષ્ટ્રીય વેપારીઓને જે વસ્તુઓની જરૂર હોય તે ખેડૂતો સાથે કરાર કરે તો બંનેને ફાયદો થશે.મગફળી મુદ્દે રૂપાલાએ જણાવ્યું હતું કે મગફળીની ખરીદીને લઈને નિયમોમાં ફેરાફર કરવામાં આવશે. ભારે વરસાદના કારણે મગફળીના વજનમાં ઘડાટો થયો છે. ગયા વર્ષે ટેકાના ભાવે ખરીદી માટે બારદાનમાં ૩૦ કિલો વજનનો નિયમ હતો. આ વર્ષે મગફળીના બારદાનમાં ૨૫ કિલોનો નિયમ સરકાર કરે તે માટે રજુઆત કરાશે. વરસાદની બીકે મગફળી કાચી હોવા છતાં ખેડૂતોએ મગફળી ઉપાડી લીધી છે. જેના કારણે વજનમાં ઘટાડો થયો છે. મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતોને રાહત આપવામાં આવે તે માટે મોહન કુંડારિયાએ રજુઆત કરી છે. જેથી પરશોત્તમ રૂપાલા વજન બાબતે રાહત આપવા માટે રજુઆત કરશે. મોહન કુંડારિયાએ કહ્યું હું પણ ખેડૂતોને રાહત આપવા માટે રજુઆત કરીશ.

## ભાજપના પૂર્વસાંસદ દેવજી ફતેપુરા ને ૨વર્ષ ની જેલ



ચેક રિટર્ન કેસમાં સુરેન્દ્રનગરના ભાજપના પૂર્વસાંસદ દેવજી ફતેપુરાને ૨ વર્ષની જેલની સજા અને ૨.૯૭ કરોડનો દંડ કલોલ કોર્ટે ફટકાર્યો.

# સાહિત્ય સરિતા

**બધુ જ બદલાય**

**ધીમે ધીમે હવે બધું જ બદલાયું**<br>
**નિકટતામાંથી દૂર દૂર છે જવાયું**<br>
**હોઠના ભાવથી વંચિત રહેવાયું**<br>
**માસ્ક દુશ્મન આડમાં છે આવ્યું**<br>
**આંખના ઇશારે દૂરથી સમજાવ્યું**<br>
**ઘરમાં રહેતાં એકલતા સતાવે**<br>
**સોનેરી પળ આમ બરબાદ થાયે**<br>
**થાતી દિલનીહળવાશ સ્વજનને**<br>
**બન્યા દર્શન દુર્લભ મળવાને**<br>
**હતા શ્વાસથી નજીક ભાઇબંધ**<br>
**આજ વોટ્સએપ પર દેખાય છે**<br>
**આમંત્રણ વિણ જવાઆવવાનું**<br>
**સર્વત્ર બંધ જ કરી દેવાય છે**<br>
**હોંશે હોંશે એક મેકને જે મળતા**<br>
**હવે ડરથી બધું લુપ્ત જણાય છે**<br>
**હતાં સહું નાં મન દરિયા દિલ**<br>
**આજે જાણે રણ જેવા દેખાય છે**<br>
**જૂના જમાનાની માનવ મીઠાશ**<br>
**ફેલાતી જાય કલયુગી કડવાશ**<br>
**બની રહે સદભાવ સુખ શાન્તિ**<br>
**“મન”કરે પરમાત્માને વિનંતી**<br>
**”મન” કેનેડા**

---

**વિના નથી થવાતું**<br>
**રણ ની રેતી વર્ષા થી ભીની ભલે**<br>
**લદબદ થાતી**<br>
**છતાં રણ કદીયે સમુંદર**<br>
**નથી થાતું**<br>
**શબ ને ચાહે ફુલો અત્તરથી ખુબ**<br>
**સજાવે**<br>
**શ્વાસ વિનાનું તે સજિવ દેહ**<br>
**જેવું ના ભાવે**<br>
**જુદાઇના ડંખ દિલમાં કંઇક લાગ્યા વિના**<br>
**પ્રિયજનના પ્રેમ પુષ્પને કદી**<br>
**ના પામી શકે**<br>
**ફુલ જેવા ફુલને પણ દિલમાં**<br>
**દોર ખોસ્યા વિના**<br>
**પ્રભુ યા પ્રિયજન ના ગળાનો**<br>
**હાર નથી થવાતું**<br>
**કાંસકી કરાવે તન ઉપર કાપ**<br>
**તેના વિના**<br>
**નારી કેરા અંબોડાની ઝુલ્ફ પર**<br>
**નથી ફરાતું**<br>
**પ્રેમીતણા જિગરના દર્દ ની**<br>
**વિરહ વેદના**<br>
**કઠોર □દયના બેદર્દીને મનથી**<br>
**નથી સમજાતી**<br>
**જિવન પણ મલ્યું છે**<br>
**તો રુડુ મજાનું મગર**<br>
**સ્નેહ સમર્પણ ની ભાવના વિના**<br>
**જિંદગીમાં પરિવારના સંતુષ્ટ**<br>
**પ્રેમનું જોડાણ નથી થાતું**<br>
**“મન” કેનેડા**

# બાળવાર્તા નં ૩૫ વરૂની ઉદારતા




અમે નાના હતા ત્યારે વરૂ અને બકરીના બચ્ચાની વાત બહુ જ સાંભળતા તેમાં વરૂ એટલે લુચ્ચું પ્રાણી એમ કહેવાતું..બધા પ્રાણીઓને ભગવાને જુદો જુદો સ્વભાવ આપેલો છે બધાને જુદા જુદા ગુણો આપેલા છે..ને બધાના જુદા જુદા રહેઠાણ પણ આપેલા છે.

એકવાર જંગલમાં બધા પ્રાણીઓ પોતપોતાના રહેઠાણ બહાર પોતપોતાના કુટુંબીઓ સાથે બેઠા છે.બધા પોતપોતાના બચ્ચાંને રમાડી રહ્યા છે.તમને ખબર છે સિંહ માટે કહેવાય કે સિંહ કે સિંહણના બચ્ચાં હંમેશાં પોતાની માની આસપાસ જ ફરેને સિંહણ શિકાર કરી લાવે ને તેને ખવડાવે તેઓને ભરડું અથવા સરાયું કહેછે.

તેઓ બહુ જ ખુંખાર હોય છે.એવું પણ કહેવાય છે કે સિંહણનું દૂધ સિંહના બચ્ચા જ પચાવી શકે...નહિંતો સોનાનાં પાત્રમાં જ ઝિલાય.ગુફામાં રહેને કોઈને પ્રવેશવા પણ ન દે.

થોડે દૂર વાઘ ને વાઘણ બોડમાં રહે તેમને એક બચ્ચું હતું.તે બોડમાં રહે ને તે પણ કોઈને ન રહેવા દે.તેવી રીતે શિયાળ પણ નાની ગુફામાં કે પત્થરો નીચે જગ્યાકરી રહે.તેનાથી થોડે દૂર વરૂ રહે તે થોડા નીચાણ વાળા ભાગમાં રહે.જ્યાં ઊંચા ઘાસનો ઘાસિયો વિસ્તાર ત્યાં રહે.રાત્રે તે શિકાર કરવા નિકળે તેના બચ્ચાંને વરૂની બચ્ચા જ કહે છે.આમ બધા રહે સાથે પણ વ્યવહારે થોડા જંગલી.

હવે તો માણસો પણ એવાજ થઈ ગયા છે ને? ચાલો એકવાર બધા પોતપોતાના શિકાર પતાવી ને આવ્યાને મે કહ્યું તેમ કુટુંબીઓ સાથે ટોળા કરી બેઠાં છે.અચાનક જંગલમાં ખૂબ ગરમી ને સૂકા ઝાડ તપી ગયા હતાને તેનાં ઘર્ષણથી આગ ફાટી નીકળી .બધા દોડાદોડ કરવા લાગ્યા જો ગુફા બોડ માં ભરાય તો ગુંગળાયને મરી જાય તેથી તેઓ એ નક્કી કર્યુ કે નીચેની તરફ ભાગીએ જેથી બચી જવાય.બાળકો પ્રાણીઓને ખૂબ જ સુંઘવાની ઈન્દ્રિય સતેજ હોય છે..બધા જ ભાગ્યા કોઈ આમ તો કોઈ પાણી તરફ,કેટલાય દાઝ્યા કેટલાય મરણને શરણ થયા.

વરૂભાઈ તો ઘાસવાળી જગા છોડીને પત્થરીલી જગા તરફ બાળ બચ્ચાને લઈને દોડ્યા.ત્યાં એમની નજર સિંહના એક સરાયું ઉં ઉં કરી રડીને ધ્રુજી રહ્યું હતું તેની પર પડી.તે ત્યાં ગયાને બચ્ચાંને પોતાના મોઢામાં લઈ દોડ્યાને શહેર તરફ નીકળી ગયા.સિંહ સિંહણ પણ જુદા પડી ગયા હતા.વાઘને વાઘણ તો બહાર ન જતા બોડમાં જ ભરાયા હતા.તેમનું બચ્ચું પણ

દોડતું દોડતું નીચેની તરફ આવી ગયું હતું.વરૂભાઈએ તેને પણ મોઢામાં લીધુંને તેને પણ શહેર તરફ જ્યાં પોતાનાબચ્ચાને નાળામાં સંતાડ્યા હતા ત્યાં જ છુપાવીને મૂકી દીધું.દાવાનળ તો જાણે આખા જંગલને ભડથું જ કરી નાંખ્યું.ચારે બાજુ કાળી રાખ ઉડેને જ્યાં ને ત્યાં બધા જાનવર ના બળેલા મડદાં પડ્યા હતા.વરૂભાઈ,સિંહનું બચ્ચું,વાઘનું બચ્ચું ને વરૂનાં બચ્ચાં બધા ત્રણ દિવસ પછી શોધવા નીકળ્યા..બોડમાં વાઘ વાઘણના મરેલાં દેહ પડ્યાં હતા,સિંહ કે સિંહણનો કોઈ અતોપતો નહોતો તેનું બચ્ચું જાણે મૂંગું મૂંગું રડી રહ્યું હતું.અણધારી આફત જો આવી પડી હતી.

વરૂએ બન્ને બચ્ચાંને પોતાની પાસે ખેંચી જીભ વડે ચાટવા માંડ્યું ને વિશ્વાસ કરાવ્યો ને આપ્યો હું છુંને..?એવો ભાવ આંખથી દાખવ્યો.રોજ વરૂ શિકાર કરી આવે ને તે તેના બચ્ચાંની સાથે સાથે સિંહ વાઘના બચ્ચાંને પણ જમાડે.આ દ્રશ્ય વન વિભાગના માણસો રોજ જુએને તેમને નવાઈ લાગે.બચ્ચાં દિવસે દિવસે સાથે રમે,જમે ને સૂવે..આમને આમ ત્રણ વરસ વિત્યાં .


એકવાર ત્રણેય બચ્ચાં ખૂબ દૂર સુધી ફરતાં ફરતાં નીકળી ગયા.ત્રણેય હવે તો મા વગર વરૂ વગર રખડતાં ફરતા.પહેલી વાર નદી કિનારે પહોંચ્યાં.ત્રણેય પાણી જ પાણી જોય ખુશ ખુશાલ થઈ રમવા લાગ્યા. પાણીમાં કૂદ્યા..ડૂબકી મારી ને પગ વડે પાણી ઉડાડવા લાગ્યા.પછી થાક્યા એટલે કિનારે બેઠા.ત્યાં ત્રણેયને તરસ લાગીને એક સાથે પાણીમાં ડોક નીચી કરી પાણી પીવા લાગ્યા કે એક બીજાનાં પ્રતિબિંબ જોયા.ત્રણેયના ચહેરા જુદા જુદા..ત્રણેય એકબીજાની સામે ટીકી ટીકી જુએ છે.

જુઓ બાળકો પ્રાણીઓને પણ સમજ છે કે ત્રણેય જુદા જુદા ચહેરા ધરાવે છે ,ત્રણેયના અવાજ માં ફરક છે..એક ગર્જના કરે છે,એક લાળી કરે છે,બીજો ત્રાડ નાંખે છે..ત્યાંતો તેમને શોધતા શોધતાં વરૂભાઈ તો ત્યાં પહોંચ્યા ને તેમની સમજમાં વાત આવી ગઈ.તેમણે સિંહ અને વાઘનાં બચ્ચાંને લઈ જયાં સિંહનો વાસ હતો

ગુફાનો ત્યાં લઈ ગયા..ને સિંહના બચ્ચાને ચાટીને લાડ કરી ત્યાં છોડ્યું,વાઘના બચ્ચાને બોડ પાસે લઈ ગયાને તેને પણ ચાટીને વહાલ કરી ત્યાં છોડ્યું ને પોતાના બચ્ચાને લઈ તે જયાં ઘાસવાળી જગ્યાને ઝાડી હતી ત્યાં આવી ગયા.

બે ત્રણ રાત ત્રણેય મિત્રોને ખૂબ દુઃખ થયું .ત્રણેય દૂર દૂર નજર નાંખી એકબીજાને શોધ્યાં કરતાં.આ બધું વન વિભાગના માનવીઓ દૂરબીન દ્વારા જોતા રહ્યાને મૂંગા પ્રાણીની વરૂભાઈની ઉદારતાના સાક્ષી બની રહ્યા.માનવ આવો સરળ ક્યારે બનશે?એ પ્રશ્ન એકબીજાને કરતાં રહ્યા.

જયશ્રી પટેલ



હીનાબેન ગજ્જર નામના એક પુનિત પ્રેમી ચિત્રકારે પૂ. પુનિત મહારાજનું આબેહૂબ ચિત્ર બનાવી ને પુનિત આશ્રમ મણિનગર માં શ્રી આનંદભાઈ ને અર્પણ કરેલ છે તે ચિત્ર.....

### મહાનગર પાલિકામાં ભળેલા ૧૮ ગામમાં સમસ્યા ઉકેલવા મેયરશ્રી દ્વારા અધિકારીઓને તાકીદ

# રાંધેજામાં ઉભરાતી ગટરની સમસ્યાના નિવારણ માટે તંત્રને દોડતુ કરવામાં આવ્યુ છે: રીટાબેન પટેલ

## ફરિયાદ માટે પંચાયત પર મહાપાલિકાના શાખાવાર અધિકારીના નામ નંબરના પાટિયા મુકવા આદેશ

ગાંધીનગર:

રાજ્ય સરકાર દ્વારા પેથાપુર નગર પાલિકા અને ૧૮ ગામ વિસ્તારને ગાંધીનગર મહાપાલિકામાં ભેળવવામાં આવ્યા છે. ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા આ તમામ ગામમાં માળખાકીય સુવિધા સંબંધિ સમસ્યાઓના ઉકેલ માટે અધિકારીઓની બેઠક બોલાવાઇ હતી. જે તે ગામની જવાબદારી સંભાળતા અધિકારીઓ પાસેથી હકિકતલક્ષી માહિતી મેળવવાની સાથે પાણી, ગટર, રસ્તા અને સ્ટ્રીટ લાઇટ સંબંધિ કામગીરીઓ અગ્રતાના ધોરણે હાથ પર લેવા અને સમસ્યાઓનું નિવારણ લાવવા તાકીદ કરી હતી. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે રાંધેજા ગામમાં ઉભી થયેલી ગટર ઉભરાવાની સમસ્યાનું નિવારણ કરવા માટે તંત્રને દોડતુ કરવામાં આવ્યુ છે. સાથે જ ગ્રામજનો સમસ્યા સંબંધે ફરિયાદ કરી શકે તેના માટે મહાપાલિકાના શાખા અધિકારીઓના નામ અને ફોન નંબર દર્શાવતા પાટિયા મુકવા આદેશ કર્યો હતો.

મેયરશ્રી દ્વારા નવા ભળેલા ગામનો ચાર્જ સોંપાયો છે, તેવા અધિકારીઓને સ્પષ્ટ જણાવ્યુ હતું કે પંચાયતની ઓફિસ પરલોકોની ફરિયાદ સાંભળવા અને યોગ્ય જવાબ આપવા માટે એક માણસ કાયમી ધોરણે ગોઠવવામાં આવે. ઉપરાંત એમપણ કહ્યુ હતું કે લોકો ફરિયાદ કરવા આવે તે પહેલા સમસ્યાની જાણ તંત્રને થવી જોઇએ અને તેનો નિકાલ થવો જોઇએ. મોટાભાગે ગામડાઓમાં સ્ટ્રીટ લાઇટ, પાણી અને ગટરની ફરિયાદો મળી રહી છે. તેમાં નજીવા સમારકામની જ જરૂર હોય તેવા પ્રશ્નો વધુ હોય છે. ત્યારે આવી વાતે ફાઇલો તૈયાર કરવામાં આવે તો દિવસો નીકળી જતા હોય છે. હવે આવી માનસિકતામાંથી બહાર આવીને નાના કામ માટે ચોક્કસ ખર્ચની મર્યાદા નક્કી કરીને મંજુરી આપવાની વ્યવસ્થા કરવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જણાવ્યુ છે. સાથે જ આવા પરચુરણ કામ માટે વાર્ષિક ધોરણે એજન્સી નક્કી કરી દેવા પણ કહ્યું છે.

અરજીઓને બિન જરૂરી ઇન્વર્ડ કરવાના બદલે તેનો ૨૪ કલાક કે નિયત દિવસ મર્યાદામાં ઉકેલ લાવવાની દિશામાં તંતત્ર ગોઠવવા કહેવાની સાથે લગ્ન, જન્મ અને મરણના દાખલામાં ગ્રામવાસીઓને ધક્કા ખાવા ન પડે તેમ આયોજન કરવા જણાવ્યુ હતું. મહાનગર પાલિકાએ નવા વિસ્તારનો હવાલો સંભાળ્યા પહેલાના એટલે કે, તારીખ ૧૮મી જુન પહેલાના બિલો ઝડપથી મુકવા અને ક્લીયર કરવા પણ તાકીદ કરી હતી.

ગામડાઓની ડમ્પિંગ સાઇટને બંધ કરી ગંદકી હટાવાશે:

હવે મહાપાલિકામાં સામેલ થિ ગેલા દરેક ગામની કચરાના નિકાલની ડમ્પિંગ સાટ બંધ કરીને ત્યાંથી ગંદકી હટાવવાની રહેશે. ગામડામાં દરરોજ ઉત્પન્ન થતો કચરો હવે મહાનગર પાલિકાની સાઇટ પર જ નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

: જાહેર સેનીટાઇઝ કરવા માટે દરેક ગામને પમ્પ અપાશે:

વૈશ્વિક મહામારી કોરોના સંબંધમાં ગામમાં દવાનો છંટકાવ કરવા માટે દરેક ગામને નવા પમ્પ ફાળવવા મેયરશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ હતું. સાથે જ સોડિયમ હાઇપો ક્લોરાઇડ દવા પૂરી પાડવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જણાવ્યુ હતું.

### હાથરસના પ્રત્યાઘાત અરવલ્લીમાં યથાવત

# વાલ્મીકી સંગઠનો,સામાજીક સંસ્થાઓ અને કોંગ્રેસે સૂત્રોચ્ચાર કર્યા,કલેકટરને આવેદનપત્ર સાથે ન્યાયની માંગ




અરવલ્લી બ્યુરો મોડાસા

ઉત્તરપ્રદેશના હાથરસમાં ૧૪મી સપ્ટેમ્બરના રોજ ૪ નરાધમોના પાશવી બળાત્કાર અને ક્રૂર હિંસાનો ભોગ બનેલી ૨૦ વર્ષીય દલિત યુવતી ૧૫ દિવસ જેટલો સમય મોત સામે ઝઝુમ્યા બાદ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ ખાતે મોત સામેનો જંગ હારી ગઇ હતી. નિર્ભયા ગેંગરેપની જઘન્ય યાદોને તાજી કરતી આ ઘટનામાં દલિત બળાત્કાર પીડિતા સાથે આરોપીઓએ દુષ્કર્મ આચરી અમાનવીય અત્યાચાર ગુજાર્યો હતો. યુવતીની જીભ કપાઇ ગઇ હતી. તેના શરીરમાં સંખ્યાબંધ ફ્રેક્ચર હતાં અને આ ઘટના બાદ ગરદનમાં થયેલી ઈજાના કારણે લકવો મારી ગયો હતો.આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે દેશની જનતા અને દલીત સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અરવલ્લી જીલ્લા પરિસરમાં વાલ્મીકિ સંગઠનો,સામાજિક સંસ્થાઓ અને કોંગ્રેસે યોગી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પીડિતાના પરિવારને ન્યાય મળે તેવી ઉગ્ર માંગ કરી હતી

ઉત્તર પ્રદેશના હાથરસમાં બનેલી દુષ્કર્મની ઘટનાને લઇને અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે અરવલ્લી જિલ્લાના વાલ્મિકી સંગઠનના આગેવાનો સામાજિક સંસ્થાઓ અને કોંગ્રેસના આગેવાનોએ પીડિત પરિવારને ન્યાય મળે અને આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને રોષ વ્યક્ત કર્યો હતો. અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી ખાતે વિવિધ સમાજના આગેવાનો સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જલ્દી થી જલ્દી પીડિત પરિવારને ન્યાય મળે તેવી માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી

# ગુજરાત હોઈકોર્ટની વેબસાઈટ પર તમામ ચુકાદા ગુજરાતીમાં મુકાશે

અમદાવાદ,તા.૩

જસ્ટિસે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવેથી ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ગુજરાતમાં ઉપલબ્ધ થશે. ગુજરાત હોઈકોર્ટની વેબસાઈટ પર તમામ ચુકાદા ગુજરાતીમાં મુકાશે. જેનાથી કોઈ પણ વ્યક્તિ માટે સરળતા રહેશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના આ નિર્ણયથી પક્ષકાર અને જાહેર જનતાને ફાયદો થશે. ગુજરાતના ૩૮ વર્તમાન અને ૨૦ ભૂતપૂર્વ ધારાસભ્યો તથા ૧ વર્તમાન સાંસદ સહિત કેરળના વાયનાડથી ચુંટાયેલા સાંસદ રાહુલ ગાંધી પર ગુજરાતની કોર્ટમાં ફોજદારી કેસ ચાલી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસે અમદાવાદ સહિત રાજયની તમામ કોર્ટને આદેશ કર્યો છે કે,

વર્તમાન કે ભૂતપૂર્વ ધારાસભ્યો અને સાંસદો સામેના પડતર ફોજદારી કેસની સુનાવણી દરરોજ કરો અને તેના પર વહેલામાં વહેલી તકે નિર્ણય લઈને નિકાલ કરો. જે કોર્ટમાં આ કેસોની દરરોજ સુનાવણી થશે તેના પર મોનિટરીંગ કરાશે. દરેક કોર્ટમાં કેસની ચાલતી સુનાવણી અને જો કેસની સુનાવણી મુલતવી રહે છે, તો ક્યાં કારણોસર તે મુલતવી રહી છે તેના ઉલ્લેખ સાથેનો પ્રોગ્રેસ રિપોર્ટ દર પંદર દિવસે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

આ બાબતને અનુલક્ષીને કયાં વર્તમાન અને ભૂતપૂર્વ ધારાસભ્યો સામે ફોજદારી કેસ ચાલી રહ્યા છે તે અંગેની યાદી બનાવીને હાઈકોર્ટે રાજયની તમામ કોર્ટને મોકલી આપ્યા છે. મહત્વનુ છે કે, સુપ્રીમ કોર્ટે એક સિવિલ રિટ અરજીની સુનાવણી સમયે દેશના તમામ રાજયોના હાઈકોર્ટને નિર્દેશ આપેલો છે કે, રાજયોની કોર્ટમાં વર્તમાન કે ભૂતપૂર્વ ધારાસભ્યો અને સાંસદ સામે ફોજદારી કેસ પડતર હોય તેના પર દરરોજ સુનાવણી કરીને તેનો જલદીથી નિકાલ કરો. સુપ્રીમ કોર્ટના આ નિર્દેશ બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસે આ આદેશ કર્યો છે.




### ૨૨૦૦ લીટરનો બાયોડીઝલ

# ગેરકાયદેસર વેપલો કરવા મોડાસા પહોંચેલા અરવલ્લી એલસીબીએ પીકઅપ ડાલા સાથે દબોચ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં હાઈવે પર આવેલી હોટલ-ઢાબા નજીક બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો ધમધમી ઉઠતા ડીઝલપંપના માલિકોએ પુરવઠા તંત્ર અને કલેક્ટરને રજુઆત કરી હતી રાજ્ય પેટ્રોલ ડીઝલ એસોસિએશને કેન્દ્ર અને રાજ્ય સરકારમાં રજુઆત કરતાં તંત્ર હરકતમાં આવતા જીલ્લામાં ખુલ્લેઆમ ધમધમતા બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો કરનાર શખ્શો ભૂગર્ભ ઉતરી ગયા હતા તંત્રએ ખાનાપૂર્તિ કામગીરી કરી સંતોષ માન્યો હોય તેમ ફરીથી જીલ્લામાં ગેરકાયદેસર બાયોડીઝલ કે અન્ય કેમિકલ વેચાણ શરુ થઇ ગયું છે ત્યારે અરવલ્લી એલસીબી પોલીસે હિમતનગરનો શખ્શ પીકઅપ ડાલામાં બાયોડીઝલ ભરી મોડાસા વેચાણ અર્થે પહોંચતા બાયપાસ રોડ નજીકથી ઝડપી લઈ ૩.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે મોડાસા બાયપાસ રોડ પર આવેલ લકી સર્વિસ સ્ટેશનની સામે ખુલ્લી જગ્યામાં પીકઅપ ડાલામાં બાયોડીઝલ લઈ વેચાણ માટે પહોંચેલા હિંમતનગર મહેતાપુરા ફોરેસ્ટ કોલોની બાજુમાં રહેતો ઈમ્તિયાઝ અબ્બાસભાઈ સુમરા નામના શખ્શને દબોચી લઈ પીકઅપ ડાલામાં ૧૧ બેરલમાં ભરેલ ૨૨૦૦ લીટર બાયોડીઝલ કી.રૂ.૧૧૦૦૦૦/- નો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલા અને મોબાઈલ મળી કુલ રૂ.૩૧૧૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ઈમ્તિયાઝ સુમરા સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી એલસીબી પોલીસની કાર્યવાહીથી ગેરકાયદેસર બાયોડીઝલનો વેપલો કરનાર શખ્શોમાં ફફડાટ ફેલાયો છે

મોડાસા આજુબાજુના વિસ્તારો અને મોડાસા થી શામળાજી રોડ પર ઠેર ઠેર બાયોડીઝલનો ખાનગીમાં મોટા પ્રમાણમાં વેપલો થઇ રહ્યો છે ત્યારે પોલીસતંત્ર આ શખ્શો શખ્શો સામે કાર્યવાહી કરે તેવી માંગ પ્રબળ બની છે

### પાલનપુર-અમદાવાદ હાઈવે ગઠામણ સર્કલની આજુબાજુ નવીન બની રહેલ

# ૬-લેનનું બંધ પડેલ કામકાજ ઝડપથી ચાલુ કરાવવા કલેકટર પાસે આમરણાંત ઉપવાસ ઉપર ઉતરવાની મંજુરી માંગતા પાલિકા સદસ્ય અમૃત જોષી



પાલનપુર નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ જોષીએ કલેકટર શ્રી બનાસકાંઠા ને રજૂઆત કરતા જણાવ્યું હતું કે કાર્યપાલક ઈજનેર ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિ મહેસાણા દ્વારા છેલ્લા છ માસ પહેલા પાલનપુર-અમદાવાદ હાઈવે-૬ લેનનું કામ ચાલુ કરવામાં આવેલ હતું જેમાં રસ્તાની બન્ને બાજુ ખોદાણ કામ કરી કોન્ટ્રાક્ટરે કામ અધુરૂ મૂકી દીધેલ છે અને કામકાજ ઘણા લાંબા સમયથી આ જગ્યાએ બંધ છે ખાડાઓમાં વરસાદી પાણી પુષ્કળ પ્રમાણમાં ભરાયેલું પડ્યું છે પાણી ભરાઈને પડી રહેલ હોવાથી મચ્છરોનો ઉપદ્રવ ઘણો વધી ગયો છે આજુબાજુના દુકાનદાર વેપારીઓના આરોગ્યને પણ હાનિ પહોંચે છે તેમજ ધંધા-રોજગાર ઉપર માઠી અસર પડે છે રોડની બંને બાજુ આવેલ સોસાયટીઓ વિસ્તારોના પ્રજાજનોને અવર જવરમાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે આ બાબતે અમૃતભાઈ જોષીએ કાર્યપાલક ઈજનેર ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન તેમજ તત્કાલીન કલેકટર શ્રી સંદીપ સાંગલે સાહેબ શ્રી ને પણ તારીખ ૦૪/૦૮/૨૦૨૦ અને તારીખ ૦૩/૦૯/૨૦૨૦ ના રોજ લેખિત રજુઆત કરી પ્રશ્નો ઉકેલ લાવવા વિનંતી કરેલ હતી કલેકટર શ્રી એ માર્ગ અને મકાન વિભાગ તેમજ કોન્ટ્રાક્ટરને કામ ઝડપથી ચાલુ કરીને પૂર્ણ કરવા સુચના આપેલ છતાં કામકાજ ચાલુ કરવામાં આવેલ નથી આમ અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતુ કે કોન્ટ્રાક્ટરને વારંવાર અમોએ મૌખિક રજૂઆત કરતાં તેઓ કામ ચાલુ કરવાના વાયદાઓ આપે છે છતાં હજુ સુધી કામ ચાલુ કરવામાં આવેલ નથી પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે સરકાર શ્રી પ્રજાજનોની સુખાકારી માટે સુંદર કામગીરી કરી રહી છે પરંતુ કોન્ટ્રાક્ટરની આડોડાઈને કારણે પ્રજાજનો પરેશાન થઈ રહ્યા છે

આમ આ કામ ઝડપથી ચાલુ કરાવવા ગઠામણ સર્કલ ઉપર તારીખ ૧૨/૧૦/૨૦૨૦ નાં રોજ અમૃતભાઈ જોષીએ આમરણાત ઉપવાસ ઉપર બેસવાની મંજુરી આપવા કલેકટર શ્રી બનાસકાંઠા તેમજ ડી.એસ.પી શ્રી બનાસકાંઠા રજુઆત કરેલ છે.

# માણાવદરમાં ચશ્મા વિનાના ગાંધીજી



આઝાદી સંગ્રામ સમયે મહાત્મા ગાંધીજી એ ચલાવેલી ચળવળે ભારતને સ્વતંત્ર બનાવ્યું ને મોહનદાસ ગાંધી મહાત્મા ગાંધી બની ગયા .આઝાદી મળતા લોકો આનંદવિભોર બની ગયા ને તેની ઉજવણી પરંપરાગત કાળ પછી ગાંધીજી માત્ર ખુરસી મેળવવાનું કેન્દ્ર બનીને રહી ગયા ગાંધીજી એ શું પોતાના માટે આઝાદી મેળવી હતી ? ના ગુલામીની જંજીરીમાંથી પ્રત્યેક લોકોને મુક્ત કરવા માટે ગાંધીજી એ પોતડી પહેરી લડત ચલાવી હતી એવા મહાત્મા ગાંધીજીને સન્માન આદાર મળવા જોઈએ તેને બદલે રાજકારણીઓ ગોડેસેના ગીતો ગાઈ રહયા છે. આજે ગાંધીજી ની જયંતી છે ત્યારે માણાવદર ગાંધી ચૌકમાં આવેલ ગાંધીજીની આંખ ઉપરના ચશ્મા અદશ્ય હતા એ જોઈને સહકારી મંડળી ના પ્રમુખ દેવજીભાઈ ઝાટકિયા ને ઘણું જ દુઃખ થયું ને તેમણે મુખ્યમંત્રી રૂપાણીને આ અંગે એક પત્ર પાઠવી ફરિયાદ કરતા જણાવ્યું છે કે શુ તમારા શાસનમાં (ભાજપના ) ગાંધીજી ભ્રષ્ટાચાર ન જોઈ શકે એટલા માટે માણાવદર નગરપાલિકા ની સામે ઊભેલી ગાંધી પ્રતીમા ચશ્મા વિનાની છે ઝાટકિયા એ દુઃખ સાથે એ પણ જણાવ્યું છે કે માણાવદરમાં ૨૬ જાન્યુઆરી તથા ૧૫ મી ઓગસ્ટ ના દિવસે પણ કોઈ જ કાર્યક્રમ યોજાતા નથી માણાવદર ની આ મોટી કમનસીબી નહિ તો બીજું શું કહેવાય?

અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર




સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના બાળકોને ગાંધીજયંતી નિમિતે સાબરમતી રીવરફ્રન્ટ ગાર્ડન ખાત્તે બાળકોને રમત ગમત,સંસ્કૃતિક નૃત્ય, કરાવવા માં આવ્યા. તથા મહાત્મા ગાંધીજીના કરેલ કર્યો વિષે માર્ગદર્શન આપમાં આવ્યું. તે ઉપરાંત નાના ભૂલકાઓ દ્વારા નાટક પણ રજુ કરવા માં આવ્યું હતું. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને આંનદ પારેખ દ્વારા ગાંધીજી તથા લાલ બહાદુર શાસ્ત્રીના મહાન કર્યો વિષે સમજણ પણ આપવામાં આવી હતી અહિયાં ઉપસ્થિત મહેમાંનો કિંજલભાઈ પટેલ, ઉમેશભાઈ સથવારા, નીતિન રાજપૂત, વંશભાઈ પટણી, સાક્ષીબેન સોલંકી, હાજર રહ્યા હતા.

### કોરોનામાં વર-ઘોડો.....?

# કિંજલ દવે ડીસાના ધારાસભ્ય સાથે ઘોડે ચડી, નેતાઓને નથી નડતા કાયદા

ડીસા,તા.૩

રાજ્યમાં કોરોના વાયરસના રોજ ૧૩૦૦ કરતાં વધારે કેસ આવી રહ્યા છે. અનલૉક ૫.૦ લાગુ છે પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ૨૦૦ જણા સુધી લોકોને એકઠા કરવાની છૂટ છે. તેમ છતાં ક્યાંય પણ ટોળે વળીને કાર્યક્રમો યોજવાની છૂટ નથી. આ સ્થિતિમાં રાજયના બનાસકાંઠા જિલ્લાના ડિસા તાલુકાના ડેડોલ ગામમાંથી ચિંતાજનક દશ્યો આવ્યા છે. અહીંયા એક જાહેર કાર્યક્રમમાં જાણીતી ગાયક કિંજલ દવે અને ધારાસભ્ય શશીકાંત પડ્યાને ઘોડે બેસાડીને ગામમાં ફેરવતા જાણે કોરોનાનો વરઘોડો નીકળ્યો હોય તેવા દશ્યો સર્જાયા હતા. આ જોખમી કાર્યક્રમ બદલ આયોજકોએ ગંભીર ભૂલ કરીને લોકોના જીવ જોખમમાં મૂક્યા છે. અહીંયા રોડના ખાતમહૂર્તના કાર્યક્રમમાં ગુજરાતની જાણીતી સિંગર કિંજલ દવે અને ડીસાના ધારાસભ્ય શશીકાંત ભાઈ પંડ્યા સાથે મળી અને એક કાર્યક્રમમાં આવ્યા હતા.

આ બંને મહેમાનોને ઘોડે ચઢાવી અને ગામમાં તેમનો વરઘોડો કાઢતા માણસોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. એક બાજુ સરકાર સોશિયલ ડિસ્ટન્સિંગ અને કોરોના વાયરસને ગંભીરતાથી લેવાની ટકોર કરી રહી છે. આર્થિક કટોકટી નિવારવા જ વેપાર ધંધા ખુલ્લા રાખવામાં આવ્યા છે ત્યારે આવા કાર્યક્રમો યોજીને આયોજકોએ હજારો લોકોના જીવ જોખમમાં મૂક્યા છે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમાં કિંજલ દવેના જ ગીતો પર ડીજેના તાલ પર લોકોના ટોળેને ટોળા વળ્યા હતા. ડેડોલ ના ગ્રામજનો એ ઘોડા પર બેસાડી સ્વાગત કર્યું હતું ત્યારે રોડના ખાતમહૂર્તમાં ધારાસભ્ય સાથે આવેલી કિંજલને જોવા જનમેદની ઉમટી પડી. પડી. કિંજલ દવે એ ઘોડા પર બેસી ધારાસભ્ય સાથે સેલ્ફી લેતી નજરે પડી હતી. ધારાસભ્ય શશીકાંત પંડ્યા અને કિંજલ દવે ને જોવામાં લોકો સોશ્યલ ડિસ્ટન્સ નો ભંગ કર્યો.

દરમિયાન બનાસકાંઠઆમાં અત્યારસુધીમાં કોરોના વાયરસના ૨૧૧૫ કેસ નોંધાઈ ચુક્યા છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા પછી સૌથી વધુ અસર બનાસકાંઠામાં થઈ છે. હાલમાં ૧૩૧૮ જેટલા કેસ એક્ટિવ છે. ગઈકાલે પણ ૨૬ નવા કેસ નોંધાયા છે. સરકારી ચોપડે જિલ્લામાં ૨૨ મોત થયા છે ત્યારે આવા કાર્યક્રમો કેટલા ઉચિત છે તે મોટો પ્રશ્ન છે. આ કાર્યક્રમ ગ્રામ પંચાયત દ્વારા યોજવામાં આવ્યો હતો કે કેમ તે અંગે માહિતી મળી નથી પરંતુ ધારાસભ્ય પણ આ કાર્યક્રમમાં મહેમાન હોય તેવું જાણવા મળ્યું છે પરંતુ જવાબદાર વ્યક્તિ તરીકે આ કાર્યક્રમમાં આવતા પહેલાં તેમણે પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની વ્યસ્થા અંગે પૃચ્છા કરી હોય તેવું જણાતું નથી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.